dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 255 | AD - 2025, Jeth Vad-08 | Thursday, Dt.19-06-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### જી-૭ની બેઠકમાંથી પરત ફરેલા ડોનાલ્ડ ટ્રમ્પ સાથે પીએમ મોદીએ ફોન પર ૩૫ મિનિટ વાત કરી

# 'ભારતે ક્યારેય મધ્યસ્થી સ્વીકારી નથી' પીએમ મોદીએ રાષ્ટ્રપતિ ટ્રમ્પને રોકડુ પરખાવ્યું

નવીદિલ્હી,તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેનેડામાં યોજાયેલી G-૭ સમિટ છોડીને અમેરિકા પરત ફરેલા ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વાત કરી છે. બંનેએ લગભગ ૩૫ મિનિટ સુધી વાતચીત કરી હતી. આ દરમિયાન આતંકવાદ સામે ભારતની લડાઈ અને 'ઓપરેશન સિંદૂર' પર ચર્ચા થઈ હતી. આ દરમિયાન પીએમ મોદીએ સ્પષ્ટ કર્યું કે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ પડોશી દેશના ફોન પછી બંને દેશોની પરસ્પર સંમતિથી થયો હતો. આમાં કોઈની મધ્યસ્થી થઈ ન હતી અને કોઈ વેપાર સોદા પર ચર્ચા થઈ ન હતી. આ વાતચીત એવા સમયે થઈ જ્યારે પીએમ મોદી G-7માં ભાગ લીધા પછી કેનેડાથી ક્રોએશિયા જવા રવાના થયા.

વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ કહ્યું, 'પીએમ મોદી અને રાષ્ટ્રપતિ ટ્રમ્પની મુલાકાત G-7 સમિટ દરમિયાન નક્કી કરવામાં આવી હતી. રાષ્ટ્રપતિ ટ્રમ્પને અમેરિકા વહેલા પાછા ફરવું પડ્યું, જેના કારણે આ મુલાકાત થઈ શકી નહીં. આ પછી, રાષ્ટ્રપતિ ટ્રમ્પની વિનંતી પર, બંને નેતાઓએ બુધવારે ફોન પર વાત કરી. તેમણે લગભગ ૩૫ મિનિટ સુધી વાત કરી. ૨૨ એપ્રિલે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી, રાષ્ટ્રપતિ ટ્રમ્પે ફોન પર પીએમ મોદી પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી અને આતંકવાદ સામેની લડાઈમાં સમર્થન પણ



વ્યક્ત કર્યું હતું. તે પછી, આ પહેલી વાર હતું જ્યારે તેઓ વાત કરી રહ્યા હતા. તેથી, પીએમ મોદીએ ઓપરેશન સિંદૂર પર રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે વિગતવાર વાત કરી.' વિક્રમ મિશ્રીએ કહ્યું, 'વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રપતિ ટ્રમ્પને સ્પષ્ટપણે કહ્યું હતું કે આ સમગ્ર ઘટના દરમિયાન, ભારત-અમેરિકા વેપાર સોદો અથવા ભારત-પાકિસ્તાન મધ્યસ્થી જેવા વિષયો પર ક્યારેય કોઈ સ્તરે ચર્ચા કરવામાં આવી નથી. લશ્કરી કાર્યવાહી રોકવાની વાત ભારત અને પાકિસ્તાનની સેનાઓ વચ્ચે સીધી ચેનલ દ્વારા કરવામાં આવી હતી. આ વાતચીત પાકિસ્તાનની વિનંતી પછી જ થઈ હતી.' વિક્રમ મિશ્રીએ વધુમાં કહ્યું, 'પીએમ મોદીએ ભાર મૂક્યો કે ભારતે ક્યારેય મધ્યસ્થી સ્વીકારી નથી, ક્યારેય સ્વીકાર્યું નથી અને ક્યારેય સ્વીકારશે નહીં. આ મુદ્દા પર ભારતમાં સંપૂર્ણ રાજકીય સર્વસંમતિ છે. ટ્રમ્પે પીએમ મોદીની વાતો સમજી અને આતંકવાદ સામેની લડાઈને સમર્થન વ્યક્ત કર્યું હતું. પીએમ મોદીએ એમ પણ કહ્યું કે ભારત હવે આતંકવાદને પ્રોક્સી વોર તરીકે નહીં, પરંતુ યુદ્ધ તરીકે જુએ છે. ભારતનું ઓપરેશન સિંદૂર હજુ પણ ચાલુ છે.' વિદેશ સચિવે કહ્યું, 'રાષ્ટ્રપતિ ટ્રમ્પે પીએમ મોદીને પૂછ્યું કે શું તેઓ કેનેડાથી પરત ફરતી વખતે અમેરિકામાં રોકાશે. પીએમ મોદીએ પૂર્વનિર્ધારિત પ્રતિબદ્ધતાઓને કારણે તેમ કરવામાં અસમર્થતા વ્યક્ત કરી. બંને નેતાઓએ નક્કી કર્યું કે તેઓ નજીકના ભવિષ્યમાં મળવાનો પ્રયાસ કરશે.

## માત્ર ૪૭ દિવસમાં કેદારનાથમાં દર્શનાર્થીઓની સંખ્યા ૧૧ લાખે પહોંચી

હરિદ્વાર,તા.૧૮

કરોડો હિન્દુઓની આસ્થાના કેન્દ્ર કેદારનાથમાં રેકોર્ડબ્રેક શ્રદ્ધાળુઓ દર્શન કરવા પહોંચી રહ્યા છે. છેલ્લા વર્ષોની તુલનામાં આ વર્ષે જે રીતે યાત્રાની રફ્તાર વધી રહી છે, તેના પરથી એવું જ લાગે છે કે, આ વર્ષની કેદારનાથ યાત્રા નવો ઈતિહાસ લખશે. યાત્રાકાળના માત્ર ૪૭ દિવસમાં જ શ્રદ્ધાળુઓના દર્શનનો આંકડો ૧૧ લાખને પાર પહોંચી ગયો છે. પાછલા વર્ષોની વાત કરીએ તો આ આંકડો ૨૦૨૩માં ૭૦ દિવસમાં પાર થયો હતો, જ્યારે ૨૦૨૪માં ૧૧૭ દિવસમાં. આ વર્ષે છેલ્લા બે વર્ષના આખી સિઝનના રેકોર્ડ તૂટવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## પ્રધાનમંત્રી મોદી બે દિવસીય ક્રોએશિયાની મુલાકાતે પહોંચ્યા

ન્યૂ દિલ્હી,તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી કેનેડાથી ક્રોએશિયા જવા રવાના થયા હતા. તેઓ બુધવારે સાંજે ૨ દિવસની યાત્રાએ ક્રોએશિયા પહોચ્યા હતા. વડાપ્રધાનની ૩ દેશોની ૫ દિવસની




મુલાકાતનો આ છેલ્લો તબક્કો છે. આ પહેલી વાર છે જ્યારે કોઈ ભારતીય વડાપ્રધાન ક્રોએશિયાની મુલાકાત લઈ રહ્યા છે. આ દરમિયાન પીએમ મોદી ક્રોએશિયાના વડાપ્રધાન આન્દ્રેજ પ્લેનકોવિક સાથે દ્વિપક્ષીય વાતચીત કરશે અને રાષ્ટ્રપતિ ઝોરોન મિલાનોવિચને પણ મળશે. આ મુલાકાતને ભારત અને ક્રોએશિયા વચ્ચેના સંબંધોને મજબૂત બનાવવાની સાથે સાથે યુરોપિયન યુનિયનના દેશો સાથે ભારતની ભાગીદારીને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે. પીએમ મોદીની આ મુલાકાત એ વાતનો સંકેત છે કે ભારત યુરોપ સાથે તેના સંબંધોને વધુ વિસ્તૃત કરવા માંગે છે. રવિવારથી શરૂ થયેલી પીએમની મુલાકાતના પહેલા દિવસે, તેઓ બે દિવસની મુલાકાત માટે સાયપ્રસ પહોંચ્યા હતા. અહીંથી સોમવારે, પીએમ G૭ સમિટમાં ભાગ લેવા માટે કેનેડા જવા રવાના થયા હતા. જ્યાં તેમણે મંગળવારે સમિટમાં હાજરી આપી હતી.










## હૈદરાબાદ એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા ખળભળાટ

હૈદરાબાદ,તા.૧૮

બુધવારે સવારે હૈદરાબાદના બેગમપેટ એરપોર્ટને બોમ્બની ધમકીભર્યો ઈમેઈલ મળ્યો. બેગમપેટ ACPએ જણાવ્યું કે બોમ્બ સ્ક્વોડને તપાસ માટે બોલાવવામાં આવી છે અને એરપોર્ટના દરેક ભાગની સંપૂર્ણ તપાસ કરવામાં આવી રહી છે. અત્યાર સુધી કોઈ બોમ્બ મળ્યો નથી. બધા સુરક્ષિત છે અને એરપોર્ટ પર સુરક્ષા વધારી દેવામાં આવી છે. આ તરફ એર ઈન્ડિયાની દિલ્હીથી બાલી જતી ફ્લાઈટ AI2145 અધવચ્ચેથી જ દિલ્હી પરત ફરી છે. એર ઈન્ડિયાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે બાલી એરપોર્ટ નજીક જ્વાળામુખી ફાટવાના અહેવાલોને કારણે મુસાફરોની સલામતીને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે ફ્લાઈટ મંગળવારે રાત્રે બાલી માટે રવાના થઈ હતી અને જ્વાળામુખી ફાટવાના અહેવાલો પછી તે અધવચ્ચેથી પાછી ફરી હતી. બુધવારે વહેલી સવારે ફ્લાઈટ દિલ્હીમાં સુરક્ષિત રીતે લેન્ડિંગ થઈ હતી. એરલાઈન્સ દ્વારા મુસાફરોને રહેવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ન્યૂઝ એજન્સી રોઈટર્સના જણાવ્યા અનુસાર, મંગળવારે ઈન્ડોનેશિયાના માઉન્ટ લેવાટોબી લાકી-લાકી જ્વાળામુખી ફાટ્યો હતો.

# શ્રદ્ધાંજલી



આ લોકમાં સંતોનું આવાગમન એ ઈશ્વરીય સંકેત હોય છે, તે પૃથ્વી પરના મુમુક્ષુ આત્માને પરમાત્મા સુધીના મીલનનું માધ્યમ હોય છે. એવા જ એક સંત વિભૂતિ આજે આપણા અને ઈશ્વરના એક તારનું માધ્યમ તૂટી ગયું. સનાતન ધર્મમાં હંમેશા તેમની ખોટ રહેશે પણ અમારા માટે હર હંમેશ આધ્યાત્મીક ખોટ વર્તાશે. ભગવાન રામદેવપીર તેમના ચરણોમાં આત્માને સમર્પિત રાખે તેવી પ્રાર્થના....

**મહંતશ્રી ઘુસાભગત (ઉ.વ. ૭૮)**
રામદેવપીર મંદિર ગોકુલપરા - બગસરા.
દેવલોક પ્રયાણ તા.૧૬-૦૬-૨૦૨૫ સોમવાર

:: લી. વંદનકર્તા ::

કિરીટ ડી. નળીયાધરા -ચેરમેનશ્રી | ધીરૂભાઈ એચ. પીપળીયા - વા.ચેરમેનશ્રી

**શ્રી સરદાર પટેલ શરાફી સહકારી મંડળી લી. બગસરા**
તમામ ડિરેક્ટરશ્રીઓ

પ્રદિપભાઈ આર. નાકરાણી (પ્રમુખશ્રી) | કિરીટભાઈ એચ. સુહાગીયા (મંત્રીશ્રી)

**શ્રી સરદાર પટેલ સોશ્યલ ગૃપ (તાલુકા સંગઠન) બગસરા-તમામ સભ્યશ્રીઓ**



# લીલીયા મોટામાં બસ સ્ટેન્ડની હાલત દયનીય, ઠેર ઠેર ગંદકીનું સામ્રાજ્ય

લીલીયા, તા.૧૮

લીલીયા મોટામાં એસ.ટી. બસ સ્ટેન્ડનું નિર્માણ ૧૯૯૨-૯૩માં સ્થાનિક ધારાસભ્યની ગ્રાન્ટમાંથી કરવામાં આવ્યું હતું. અત્યારે આ બસ સ્ટેન્ડની હાલત ખંડેર જેવી થઈ ગઈ છે. સ્થાનિક નાગરિકો ફરિયાદ કરી રહ્યા છે કે, બસ સ્ટેન્ડમાં સ્વચ્છતા જોવા મળતી નથી. ચોમાસાની


તસવીર : મહેશ દવે

સિઝનમાં ઠેર ઠેર ગંદકીનું સામ્રાજ્ય ઊભું થઈ ગયું છે. પશુઓ દ્વારા ગંદકી ફેલાઈ રહી છે. લાઈટના બલ્બ ૨૪ કલાક ચાલુ રહે છે. પાણીની બિલકુલ સુવિધા નથી. તંત્ર દ્વારા કોઈ કાળજી લેવામાં આવતી નથી. કાયમી સફાઈ અંગે સરપંચ-મંત્રી અને ભાજપના પદાધિકારીઓને વારંવાર જાણ કરવામાં આવે તે પછી બે-ત્રણ વાર સફાઈ થાય છે પછી જૈસે થે જેવી સ્થિતિ જોવા મળે છે. બસ સ્ટેન્ડની ઉપર જ ગ્રામ પંચાયતની કચેરી હોવા છતાં આ બાબતે યોગ્ય ધ્યાન આપવામાં આવતું નથી.

# અમરેલી જિલ્લામાં વરસાદથી ખેતીને થયેલ નુકસાન માટે સહાય પેકેજ જાહેર કરવા કોંગ્રેસની માગણી

અમરેલી, તા.૧૮

અમરેલી જિલ્લામાં થયેલ અતિ ભારે વરસાદનાં કારણે ખેડૂતોનાં વાવેતર કરેલ પાક તેમજ જમીન ધોવાણનો સર્વે કરાવી સહાય પેકેજ જાહેર કરવા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર પાઠવી જણાવ્યું છે કે, ૧૬ જૂનના રોજ અમરેલી જિલ્લામાં પડેલ અતિ ભારે વરસાદનાં કારણે, ઉપરવાસની નદીઓ અને નાળાના (પૂર) પાણી પાળા, શેઢા પાળા તોડીને ખેતરોમાં આવી જતા વ્યાપક પ્રમાણમાં ધોવાણ થવાથી ખેડૂતોને ખુબ જ નુકસાન થયેલ છે. હજુ ખેડૂતો કમોસમી વરસાદનાં કારણે થયેલી નુકસાનીમાંથી બહાર નથી આવ્યા ત્યારે આ અતિ ભારે વરસાદનાં કારણે ખેતીનું ધોવાણ થતા ખેડૂતોએ કરેલું વાવેતર સદંતર નિષ્ફળ ગયું છે. હાલ ખેડૂતોની સ્થિતિ દયનીય બની છે. અમરેલી જિલ્લામાં મોટા પ્રમાણમાં નુકસાની થયેલ છે તે અંગે સત્વરે સર્વે કરી અને નુકસાની સામેનું વળતર ચૂકવવામાં આવે. આ ઉપરાંત પત્રમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૨૪ /૨૫માં પણ કમોસમી વરસાદ પડેલ જેમાં ખેડૂતોને વ્યાપક નુકસાન થયેલ તે અંગે કૃષિ મંત્રીનાં તા.૨૩-૧૦-૨૦૨૪ ના પત્ર દ્વારા જણાવેલ કે, અમરેલી જિલ્લાના ખેડૂતોને ટૂંક સમયમાં સહાય પેકેજ જાહેર કરાશે. પરંતુ તે સહાય આજદિન સુધી મળેલ નથી ત્યારે ''પડ્યા પર પાટું'' જેવી સ્થિતિ આજે અમરેલી જિલ્લાના ખેડૂતો પર થઈ રહી છે.

# સાવરકુંડલામાં પ્લેન ક્રેશના દિવંગતોને શ્રદ્ધાંજલિ અપાઈ

સાવરકુંડલા, તા.૧૮



સાવરકુંડલા ખાતે સમસ્ત વાટલીયા પ્રજાપતિ જ્ઞાતિ સંચાલિત વિદ્યાર્થી ગૃહમાં અમદાવાદમાં થયેલા પ્લેન ક્રેશ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ૨૯૦ લોકોની યાદમાં એક શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દુઃખદ ઘટનામાં જીવ ગુમાવનાર તમામ દિવંગતોને શ્રદ્ધાસુમન અર્પણ કરવા માટે વિદ્યાર્થી ગૃહના તમામ ટ્રસ્ટીગણ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## પ્લેન ક્રેશમાં મૃત્યુ પામેલ દીકરીના ડીએનએ મેચ થતા

# રિધ્ધીબેન પડશાળાના અમરેલી ખાતે અંતિમ સંસ્કાર કરાયા

અમરેલી,તા.૧૮

ગત ૧૨ જૂનના રોજ અમદાવાદ ખાતે લંડન જતી ફલાઈટ દુર્ઘટનાગ્રસ્ત થતા ૨૫૦થી વધુ હતભાગીઓના મોત થયા હતા જેમાં અમરેલી જિલ્લાના ૬ લોકોના મોત થતા જિલ્લા પર વ્રજઘાત થયો હતો. અમરેલીની દીકરી રિધ્ધીબેન પડશાળા પણ આ અકસ્માતનો





ભોગ બન્યા હતા. તંત્ર દ્વારા તમામ મૃતકોના ડીએનએ મેચ કરવાની કામગીરી કરવામાં આવતા હવે રિધ્ધીબેનના ડીએનએ મેચ થતા રિધ્ધીબેનનો મૃતદેહ તેમના પરિવારજનોને સોંપવામાં આવતા હૃદયદ્રાવક દશ્યો સર્જાયા હતા. સ્વ. રિધ્ધીબેનનો મૃતદેહ અમરેલી કેરીયારોડ તેમના પિતાના નિવાસસ્થાને આવી પહોંચતા સમગ્ર વિસ્તાર રડી પડ્યો હતો. સ્વ. રિધ્ધીબેનની સ્મશાનયાત્રા કેરીયા રોડથી કૈલાશ મુકિતધામ સુધી નીકળી હતી. આ સ્મશાનયાત્રામાં સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, કલેકટર, અધિક કલેકટર સહિત અધિકારીઓ અને પદાધિકારીઓએ હાજર રહી પરિવારને સાંત્વના પાઠવી હતી.

## અશ્વિનભાઈ સાવલીયા સહિતના આગેવાનોએ પૂર્વ મુખ્યમંત્રીના નિધન પર શોક વ્યકત કર્યો

# અમરેલી ખાતે આવેલી અમર ડેરી દ્વારા સ્વ.વિજયભાઈ રૂપાણીને શ્રધ્ધાંજલિ પાઠવાઈ

અમરેલી,તા.૧૮

અમરેલી ખાતે આવેલી અમર ડેરી દ્વારા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ દુઃખદ પ્રસંગે મૌન પાળીને દિવંગત નેતાને યાદ કરવામાં આવ્યા હતા. આ શ્રદ્ધાંજલિ સભામાં અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, મેનેજિંગ ડિરેકટર ડૉ.





આર.એસ. પટેલ, જનરલ મેનેજર ડી.આર. રામાણી ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, દૂધ મંડળીઓના પ્રમુખ અને મંત્રીઓ તેમજ દૂધ સંઘના કર્મચારીઓ પણ શોક વ્યક્ત કરવા માટે હાજર રહ્યા હતા તેમ અમર ડેરી દ્વારા જણાવવામાં આવ્યુ છે. આ પ્રસંગે સૌએ સ્વ. વિજયભાઈ રૂપાણીના ગુજરાત રાજ્ય માટેના યોગદાનને યાદ કર્યું હતું અને તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

# ગોંડલથી મોણપરી અને વડીયાની બંધ થયેલી એસ.ટી. બસ શરૂ કરવા માગણી

વડીયા, તા.૧૮

વડીયા વિકાસ સમિતિના પ્રમુખ જુનેદભાઈ ડોડિયાએ ગોંડલના એસ.ટી. ડેપોના મેનેજરને પત્ર લખીને અગાઉ બંધ કરાયેલા બે અપડાઉન રૂટની બસ સેવા કાયમી ધોરણે શરૂ કરવા માગણી કરી હતી. તેમણે પત્રમાં જણાવ્યું હતું કે, ગોંડલ એસ.ટી. ડેપોની બસ ઘણા સમયથી ગોંડલ-રાજકોટ-મોણપરી (અપડાઉન) અને ગોંડલ-રાજકોટ-વડીયા (અપડાઉન) રૂટ બંધ છે. આ રૂટમાં વડીયા આજુબાજુના વિસ્તારના લોકોને રાજકોટ, વિસાવદર, ભેંસાણ, સતાધાર, મોણપરી જવામાં સરળતા રહેતી હતી. પરંતુ તે બસ બંધ થઈ ગઈ હોવાથી લોકોને હવે જેતપુર-બગસરાથી જવું પડે છે. આ બંને રૂટની આવક સારી હોવા છતાં બસ બંધ કરવામાં આવી છે. બીજી તરફ ઘણા એવા રૂટ ચાલુ રાખવામાં આવ્યા છે જેમાં એસ.ટી. નિગમને કોઈ આવક થતી નથી. આથી બંને રૂટની બસ વહેલી તકે શરૂ થવી જોઈએ.

# અમરેલી આઈ.ટી.આઈ.માં પ્રવેશ મેળવવા તા.૩૦ જૂન સુધીમાં રજિસ્ટ્રેશન કરી શકાશે

અમરેલી, તા.૧૮

ધો.૦૮ પાસથી ગ્રેજ્યુએટ સુધીના ઉમેદવારો માટે અમરેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે વિવિધ અભ્યાસક્રમ શરુ છે. આ અભ્યાસક્રમમાં તાલીમ મેળવવા ઈચ્છુકો માટે તા.૩૦.૦૬.૨૦૨૫ સુધી પ્રવેશ પ્રક્રિયા શરુ છે, પ્રવેશ માટે ઓનલાઈન https://itiadmission.gujarat.gov.in પર રજિસ્ટ્રેશન કરાવવું. રજિસ્ટ્રેશન પ્રક્રિયા માટે અમરેલી આઈ.ટી.આઈ. ખાતે હેલ્પ સેન્ટરની સુવિધા ઉપલબ્ધ છે. ૯૭૧૨૨૭૯૭૨૭ વોટ્સએપ નંબર પર પોતાના ડોક્યુમેન્ટ મોકલાવી ઘરબેઠા પણ ફોર્મ ભરી શકશે. બહારથી આવતા તાલીમાર્થીઓને બસ પાસની સુવિધા, મહિલા તાલીમાર્થીઓને વિદ્યાસાધન સહાય યોજના હેઠળ સાઈકલ સહાય મળશે. ધો. ૦૮ પાસ વિદ્યાર્થીઓ ૦૨ વર્ષનો કોર્સ કરે તો ધો.૧૦ પાસ સમકક્ષ અને ધો.૧૦ પાસ વિદ્યાર્થી ૦૨ વર્ષનો કોર્સ કરે તો ધો.૧૨ સમકક્ષનો લાભ મળશે. રોજગારી તેમજ સ્વરોજગારી માટે બેંકેબલ સબસિડી, નિર્દિષ્ટ વ્યવસાયમાં ડિપ્લોમા એન્જિનિયરિંગના કોર્ષમાં પ્રવેશ લાભ મળશે.

# અમરેલી નગરપાલિકામાં રિ-ટેન્ડરીંગ મામલે ભ્રષ્ટાચારના આક્ષેપ

## શહેર કોંગ્રેસ પ્રમુખે પ્રાદેશિક કમિશનરને પત્ર પાઠવ્યો

અમરેલી,તા.૧૮

અમરેલી નગરપાલિકા દ્વારા પાણીના બોર અને અન્ય કામોમાં કથિત ભ્રષ્ટાચાર મામલે અમરેલી શહેર કોંગ્રેસ પ્રમુખે રજૂઆત કરી છે. શહેર કોંગ્રેસ પ્રમુખ સંદિપ પંડયાએ આક્ષેપ કર્યો છે કે ભૂતકાળમાં થયેલા અને હાલ કાર્યરત કામો માટે ફરીથી ટેન્ડર ID ૧૯૧૩૬૮ દ્વારા કરોડો



રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. વધુમાં કોંગ્રેસ પ્રમુખ સંદિપ પંડયાએ જણાવ્યું છે કે આ ભ્રષ્ટાચારને રોકવા અને જવાબદાર અધિકારીઓ-પદાધિકારીઓ સામે પગલાં લેવા તપાસ કરવામાં આવે. ખાસ કરીને, ટેન્ડરમાં દર્શાવેલ પાણીના તમામ ૧૩ બોર અને અન્ય સુસંગત કામોનું સ્થળ પંચરોજ કામ વીડિયો શૂટિંગ સાથે કરવામાં આવે અને તેમાં અમરેલી કોંગ્રેસ વિરોધ પક્ષના તમામ નગરસેવકો તથા શહેર કોંગ્રેસ પ્રમુખને સામેલ કરવામાં આવે. આ પંચરોજ કામ થયા બાદ જ ટેન્ડર ખોલવામાં આવે તેવી તેમની માંગ છે. જો ૧૫ દિવસમાં કોઈ યોગ્ય પગલાં લેવામાં નહીં આવે તો કોંગ્રેસ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે અને કાયદેસરની કાર્યવાહી પણ કરશે તેવી ચીમકી સંદિપ પંડ્યાએ ઉચ્ચારી છે.


Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

# રાજુલા પોલીસે છેલ્લા ૩ માસથી નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડયો

રાજુલા, તા.૧૮

ભાવનગર રેન્જ આઈ.જી. ગૌતમ પરમાર સાહેબ અને અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ રાજુલા પોલીસે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ હેઠળ નોંધાયેલા ગુનામાં નાસતા-ફરતા આરોપી મહેશભાઈ હરીશંકરભાઈ જાખરા (રહે. રાજુલા, છતડીયા રોડ, શ્રી હરી એપાર્ટમેન્ટ) ને ઝડપી પાડ્યો



છે. આરોપી મહેશ જાખરા છેલ્લા ત્રણ માસથી ફરાર હતો અને તેનું ધરપકડ વોરંટ પણ નીકળેલું હતું. રાજુલા પો.ઈન્સ. એ.ડી. ચાવડાની રાહબરી હેઠળ સર્વેલન્સ ટીમના એ.એસ.આઈ મધુભાઈ પોપટ, હે.કોન્સ. હરપાલસિંહ ગોહિલ, હે.કોન્સ. હરેશભાઈ વાળા, હે.કોન્સ. મનુભાઈ માંગાણી અને હેડ.કોન્સ સુરેશભાઈ મેર દ્વારા ટેકનિકલ અને હ્યુમન સોર્સનો ઉપયોગ કરીને આરોપીને શોધી કાઢવામાં આવ્યો હતો. પોલીસે આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




**કાયમી ઉકેલ લાવવાની રહીશોએ કરી માંગ, વેરા ઉઘરાવવામાં અવ્વલ પાલિકા સુવિધા આપવામાં નિષ્ફળ**

# અમરેલીના સરદાર નગરમાં ગટરના પાણી ઘરમાં ઘૂસ્યા, રહીશોમાં રોષ

અમરેલી, તા.૧૮





અમરેલી શહેરના સરદાર નગર, શેરી નંબર ૪ માં વહીવટી તંત્રની ઘોર બેદરકારીના કારણે ગટરના ઉભરાતા પાણી રહીશોના ઘરોમાં ઘૂસી જતાં હાલાકીનો સામનો કરવો પડ્યો છે. સ્થાનિકોએ જાતે જ પોતાના ઘરમાંથી પાણી બહાર કાઢવાની ફરજ પડી હતી. નગરજનોમાં તંત્ર પ્રત્યે ભારે રોષ જોવા મળી રહ્યો છે. નાગરિકોનો આક્ષેપ છે કે તંત્ર વેરા ઉઘરાવવામાં અગ્રેસર છે, પરંતુ પ્રાથમિક સુવિધાઓ જેવી કે સ્વચ્છતા અને ગટર વ્યવસ્થા પૂરી પાડવામાં સંપૂર્ણપણે નિષ્ફળ રહ્યું છે. ચોમાસા પૂર્વે ગટર વ્યવસ્થાની યોગ્ય જાળવણી ન થતાં સહેજ વરસાદમાં પણ ગટર ઉભરાઈ જાય છે અને ગંદા પાણી ઘરોમાં પ્રવેશી જાય છે, જેના કારણે રોગચાળાનો ભય પણ સતાવી રહ્યો છે. સ્થાનિક રહીશોએ તાત્કાલિક ધોરણે આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાની માગ કરી છે.

# દામનગરમાં ખાડા : પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠી

દામનગર, તા.૧૮


તસવીર : અતુલ શુક્લ

દામનગર શહેરમાં ઠેર ઠેર પડેલા ખાડાઓથી પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠી છે. ડામર કે આર.સી.સી. રોડ પરના ખાડાઓને પૂરવા માટે થૂંકના સાંધા જેવા કામ કરાય છે, જ્યાં માત્ર માટી અને કપચીનો પાવડર નાખીને કામ ચલાવવામાં આવે છે. આ સમારકામ કલાકોમાં જ ધોવાઈ જાય છે અને રસ્તાઓ પાછા જર્જરિત થઈ જાય છે. વેરા ભરતી પ્રજાને જ આ હાલાકી ભોગવવી પડે છે, જ્યારે વિકાસ કોના માટે તેવો સવાલ ઉભો થયો છે. વાહનચાલકો અને રાહદારીઓ સતત મુશ્કેલીમાં મુકાય છે. શું મીડિયાના અહેવાલો ખોટા છે કે પછી તંત્ર ઘોર નિદ્રામાં છે ? દામનગરમાં વિકાસની વ્યાખ્યા ક્યાં ખોવાઈ ગઈ છે તે મોટો પ્રશ્ન છે. સ્થાનિકો કાયમી ઉકેલની અપેક્ષા રાખી રહ્યા છે.

# જાફરાબાદમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની કામગીરી સામે ખાતેદારની ફરિયાદ

જાફરાબાદ,તા.૧૮

જાફરાબાદની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની બ્રાંચમાં ખાતુ ધરાવતા વિજયકુમાર ધીરજલાલ મહેતાએ તેમનું લોકર બંધ કરવાના સમયે મેનેજર પાસે લોકર ઓપરેશનની ડિટેલની માગણી કરી હતી. આથી મેનેજરે ડિટેઈલ આપવામાં અલગ અલગ બહાના બતાવીને ૭૦ દિવસ પછી તેમને છેલ્લે જવાબ આપી દીધો કે, અમે દસ વર્ષ અગાઉના લેઝરના વ્યવહાર ડિસ્ટ્રોઈડ કરી નાખીએ છીએ, અને છેલ્લા ૧૦ વર્ષની માહિતી મળશે. આથી ખાતેદારે અન્ય શહેરની SBI બ્રાન્ચમાં પૂછતા તેમજ, ગાંધીનગરસ્થિત SBI હેડ ઓફિસમાં, SBIના નિવૃત્ત થયેલા સ્ટાફને પૂછતા જણાવ્યું કે આપને ગ્રાહક સુરક્ષા હેઠળ તમને ડીટેઈલ મળવા પાત્ર છે. આથી ખાતેદાર પ્રશ્ન પૂછી રહ્યા છે કે, જાફરાબાદની SBI બ્રાન્ચનું કામ બીજા શહેરની SBI બ્રાન્ચ કરતા અલગ નિયમોથી ચાલે છે કે શું? આ અરજદાર બેંકની હેડ ઓફિસ અને ભાવનગરમાં બેંકની હેડ ઓફિસમાં રજૂઆત કરશે. આ ઉપરાંત ગ્રાહક સુરક્ષા મંડળમાં પણ અરજી કરશે.

# વિસાવદર ચૂંટણીમાં કોંગ્રેસનો વિજય થશે : પરેશ ધાનાણી


અમરેલી, તા.૧૮

વિસાવદર ચૂંટણીનો જંગ જામ્યો છે ત્યારે પૂર્વ વિપક્ષના નેતા પરેશભાઈ ધાનાણીએ કવિતાના માધ્યમથી પોસ્ટ મૂકી છે તેમાં તેમણે જણાવ્યું છે કે કોંગ્રેસનો વિજય થશે અને ભાજપ ત્રીજા નંબરે ધકેલાઈ જશે આમ તેમણે વિસાવદર ચૂંટણીમાં કોંગ્રેસની જીત માટે આશાવાદ વ્યક્ત કર્યો છે.

# સાવરકુંડલામાં જેસર રોડ પર વીજપોલમાં શોર્ટ સર્કિટ થતા રહેવાસીઓમાં અફરાતફરી

**વીજતંત્રની સમયસુચકતાથી મોટી દુર્ઘટના ટળતા લોકોમાં હાશકારો**

અમરેલી,તા.૧૮



સાવરકુંડલા શહેરના જેસર રોડ પર આવેલી મધુવન સોસાયટીમાં વીજપોલમાં શોર્ટ સર્કિટ થતાં સ્થાનિકોમાં થોડી અફરાતફરી મચી ગઈ હતી. જોકે, આ અંગે PGVCL કચેરીને જાણ કરાતાં, તેમની ઝડપી કામગીરી જોવા મળી હતી. માત્ર ચાર જ મિનિટમાં PGVCLના કર્મચારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને તત્કાળ પરિસ્થિતિને કાબુમાં લીધી હતી, જેનાથી મોટી દુર્ઘટના ટળી હતી.

# અમરેલી આઈટીઆઈ ખાતે વિશ્વ રક્તદાન દિવસની ઉજવણી કરાઈ

**બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ બ્લડ ગૃપની માહિતી મેળવી**

અમરેલી,તા.૧૮

૧૪ જૂનના રોજ 'વિશ્વ રક્તદાન દિવસ'ની ઉજવણીના ભાગરુપે રક્તદાન કરવાના સંકલ્પ સાથે અમરેલી આઈ.ટી.આઈ. ખાતે તાલીમાર્થીઓ માટે બ્લડ ગ્રુપીંગ કેમ્પ યોજાયો હતો. બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ આ કેમ્પમાં જોડાઈ પોતાના બ્લડ ગૃપની જાણકારી મેળવી, જરુરિયાતના સમયે રક્તદાન કરવાનો સંકલ્પ લીધો હતો. તાલીમાર્થીઓના બ્લડ ગૃપની ચકાસણી માટે અર્બન હેલ્થ સેન્ટરની ટીમના ડૉ.રાજુભાઈ કથીરિયા, ડૉ.રસીલાબેન વિરડીયા, ડૉ. કિશનભાઈ ગોહેલ, ફાર્માસિસ્ટ ગુંજનબેન પંડ્યા, લેબ ટેક્નિશિયન એફ. એમ. રાઠોડ, એ.એચ.ડબલ્યુ. અંકિતાબેન પરમાર તેમજ સમગ્ર ટીમે સેવા આપી હતી.

# જાફરાબાદમાં પોલીસની હેરાનગતિ વિરુદ્ધ પ્રેસ કલબ દ્વારા મામલતદારને આવેદનપત્ર

જાફરાબાદ,તા.૧૮



જાફરાબાદમાં પ્રેસ ક્લબ ઓફ જાફરાબાદના તમામ પત્રકારોએ મામલતદાર દ્વારા રાજ્યના પોલીસ વડા (DGP)ને સ્થાનિક પોલીસથી થતી હેરાનગતિ અંગે આવેદનપત્ર પાઠવ્યું છે. આ આવેદનપત્રમાં જણાવ્યું છે કે, શહેરના ગપોલીસનું કામ સમાજમાં શાંતિ જળવાઈ રહે એનું ધ્યાન રાખવાનું છે, અશાંતિ ફેલાવવાનું કે બળજબરી કરવાનું નહીં. પરંતુ જાફરાબાદમાં ફરિયાદીઓને આરોપી બનાવવામાં આવે છે. પ્રેસ ક્લબે ચીમકી ઉચ્ચારી છે કે, જો, આવા પોલીસ કર્મચારીઓ-વહીવટદારો વિરુદ્ધ તાત્કાલિક પગલાં નહીં લેવામાં આવે તો સત્યાગ્રહ ઉપવાસ આંદોલન શરૂ કરાશે.

# રાજુલાના ધાતરવડી ડેમ-૧માં નવા નીરના ખેડૂતોએ વધામણા કર્યા


તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા, તા.૧૮

રાજુલા ખાતે આવેલા ધાતરવડી ડેમ-૧માં પાણીના નવા નીર આવતા ખેડૂતો દ્વારા નવા નીરના વધામણા કરવામાં આવ્યા હતા. ડેમમાં નવા નીરને કારણે આજુબાજુના નવ જેટલા ગામોમાં ૩ હાજર હેક્ટર વિસ્તારમાં ખેડૂતોને ફાયદો થશે. તેમજ ફ્યૂઝ ગેટ પડી ગયેલ છે તેને તાત્કાલિક રીપેર કરવામાં આવે તેવી ખેડૂતોએ માંગ કરી હતી.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

સત્યમ હેમંતભાઈ આચાર્ય (ઉ.વ.૧૪)નું તા.૧૬/૬/૨૫ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે સ્વ.ધનવંતરાય મનસુખભાઈ આચાર્ય (દાદા), ગં.સ્વ. રશ્મિબેન ધનવંતરાય આચાર્ય (દાદી), સ્વ. ધર્મેન્દ્રભાઈ ધનવંતરાય આચાર્ય (મોટા પપ્પા), ગં.સ્વ.લતાબેન ધર્મેન્દ્રભાઈ આચાર્ય (મોટા મમ્મી), સ્વ. વિક્રમભાઈ ધનવંતરાય આચાર્ય (મોટા પપ્પા), ગં.સ્વ. દીપાબેન વિક્રમભાઈ આચાર્ય (મોટા મમ્મી), હેમંતભાઈ ધનવંતરાય આચાર્ય (પપ્પા), ભાવનાબેન હેમંતભાઈ આચાર્ય (મમ્મી)ના પુત્ર થાય છે. સદગતનું બેસણું તા.૧૯/૬/૨૫ને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે શ્રી પરશુરામ ઉપવન ગર્લ્સ હાઇસ્કૂલની બાજુમાં સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

કંસારા વૈષ્ણવ કાણકિયા બળવંતરાય કાંતિલાલ (ઉ.વ.૮૦)નું તા.૧૭/૦૬/૨૦૨૫ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે કાંતિલાલ જીવણલાલ કાણકિયાના સુપુત્ર તથા દિલીપભાઈ તથા મહેશભાઈ તથા અશોકભાઈ તથા પ્રદીપભાઈ કાણકિયાના મોટા ભાઈ થાય તે ભાવેશભાઈના પિતાશ્રી થાય તથા અંજનાબેનના સસરા થાય તથા ઓમ તથા ખુશીના દાદા થાય છે. સદગતનું બેસણું તા.૧૯/૬/૨૫ને ગુરુવારના રોજ ૪ થી ૬ કલાકે અમારા નિવાસસ્થાન કોલેજ રોડ કર્મચારી સોસાયટી અજંતા આઈસ્ક્રીમ પાસે સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**ચલાલા**

સુરેશચંદ્ર નાનાલાલ સચદેવનું તા.૧૭/૬/૨૦૨૫ના રોજ અવસાન થયેલ છે. તે સચદેવ એન્ટરપ્રાઇઝ અમરેલી વાળા અને ધર્મેશભાઈ સચદેવ તથા મનીષભાઈ તથા રૂપલબેનના પિતાશ્રી અને જય અને ઓમના દાદા તથા ગોંડલ ચેતનકુમાર મનસુખલાલ રૂપારેલીયાના સસરા, ચલાલા વિઠ્ઠલદાસ ચકુભાઈ સેજપાલના જમાઈ થાય છે. તેમની પ્રાર્થનાસભા શુક્રવાર તા.૨૦/૬/૨૦૨૫ના રોજ અમરેલી સંઘવી ધર્મશાળામાં બપોરે ૪.૩૦થી ૬ સુધી રાખેલ છે, પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે.

અમરેલીના અતિ વિકસિત એવા ૪-લેન લીલીયા રોડ ઉપર
ફક્ત ૩૫ મકાનની પેક સોસાયટી
3BHK બંગલો
સેમ્પલ હાઉસ તૈયાર છે.

રાધેશ્યામ નગરી
સિમંધર સોસાયટીની બાજુમાં, લીલીયા રોડ, અમરેલી
રૂા.૧,૮૦,૦૦૦/- ની સબસીડી મળવાપાત્ર
ઉપલબ્ધ સુવિધાઓ
● પાણી, સ્ટ્રીટલાઈટ, ડ્રેનેજ તથા ૨૫-ફુટનો ઈન્ટરનલ રોડની ઉતમ સુવિધા સાથે ● સ્ટાન્ડર્ડ કંપનીના પાઈપ ફીટીંગ તથા મોડયુલર સ્વીચ બોર્ડ અને ઈલેકટ્રીક વાયરીંગ ● ટાઈટલ કલીયર અને લોનેબલ ● SBI અને બેંક ઓફ બરોડાની લોન મળવાપાત્ર
સંપર્ક: મો. ૭૦૧૬૨ ૩૦૦૨૧, ૯૭૨૩૦ ૭૪૦૮૯

**//એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી નં.૭૭/૨૦૨૫

અરજદાર :- શ્રી ધીરૂભાઈ ભીખાભાઈ બારૈયા
રહે. ગીરીયા, તા.જિ.અમરેલી.
વિરૂધ્ધ
સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. ગીરીયા, તા.જિ.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ગીરીયા ગામમાં અરજદારશ્રી ધીરૂભાઈ ભીખાભાઈ બારૈયા તેઓના ભત્રીજા વિપુલભાઈ પરશોતમભાઈ બારૈયા ની જન્મ (તા.૦૧/૦૬/૧૯૮૩) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૯/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

**//એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી નં.૮૫/૨૦૨૫

અરજદાર :- શ્રી લતાબેન લાખાભાઈ અંટાળા
રહે. સોનારીયા, તા.જિ.અમરેલી.
વિરૂધ્ધ
સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. સોનારીયા, તા.જિ.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના સોનારીયા ગામમાં અરજદારશ્રી લતાબેન લાખાભાઈ અંટાળા તેઓના બહેન ભાનુબેન લાખાભાઈ અંટાળા ની જન્મ (તા.૦૧/૦૬/૧૯૬૫) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૯/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

**//એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી નં.૧૦૦/૨૦૨૫

અરજદાર :- શ્રી દેસાઈ રામજીભાઈ દુદાભાઈ
રહે. મોણપુર, તા.જિ.અમરેલી.
વિરૂધ્ધ
સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. મોણપુર, તા.જિ.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના મોણપુર ગામમાં અરજદારશ્રી દેસાઈ રામજીભાઈ દુદાભાઈ તેઓના પુત્ર દેસાઈ પિયુષકુમાર રામજીભાઈ ની જન્મ (તા.૦૧/૦૬/૧૯૯૦) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૩/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેક્ચર તથા એકસીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પધ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# રાજુલાના વાવેરા-બર્બટાણા-બાબરીયાધાર રસ્તાના પુલનું ધોવાણ, તંત્ર દ્વારા સમારકામ

અમરેલી,તા.૧૮

રાજુલા તાલુકામાં તાજેતરમાં ૮ ઈંચ જેટલો ભારે વરસાદ પડ્યો હતો, જેના કારણે વાવેરા ગામ નજીક આવેલા પુલને નુકસાન થયું હતું. વાવેરા-બર્બટાણા-બાબરીયાધાર રસ્તા પરનો આ પુલ પાણીના ધસમસતા પ્રવાહ અને પુલના ગાળામાં ફસાયેલા વૃક્ષો, ઝાડી-ઝાંખરા અને કચરાને કારણે ક્ષતિગ્રસ્ત થયો હતો.



તસવીર : ગોપાલ રાઠોડ


સ્થિતિની ગંભીરતાને જોતા, તંત્ર અને માર્ગ-મકાન વિભાગે તાત્કાલિક પગલાં લીધા હતા. કોઈ અનિચ્છનીય ઘટના ટાળવા માટે પુલને તરત જ વાહનવ્યવહાર માટે બંધ કરી દેવાયો હતો. માર્ગ-મકાન વિભાગના અધિક્ષક ઈજનેર, કાર્યપાલક ઈજનેર અને સ્થાનિક પેટા વિભાગના સ્ટાફે ૨૪ કલાક અવિરત કામગીરી કરી હતી. ધોવાણથી નુકસાન પામેલા એપ્રોચનું સમારકામ કરવામાં આવ્યું જેથી વાહન વ્યવહાર ફરી શરૂ થઈ ગયો છે, માર્ગ-મકાન વિભાગે જણાવ્યું છે કે ગામડાના અન્ય માર્ગો પર જ્યાં પણ ખાડા કે ધોવાણ જોવા મળશે, ત્યાં પણ તાત્કાલિક સમારકામ હાથ ધરવામાં આવશે.

# બાબરા નજીક રાજકોટ-ભાવનગર હાઈવે પર અકસ્માત: એકનું મોત, એક ગંભીર

**અકસ્માત સર્જી અજાણ્યો ડમ્પરચાલક ફરાર થઈ જતા પોલીસે શોધખોળ શરૂ કરી**

અમરેલી,તા.૧૮

બાબરા-રાજકોટ-ભાવનગર હાઈવે પર આજે એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો, જેમાં એક યુવકનું ઘટનાસ્થળે જ મોત થયું હતું અને અન્ય એક



ગંભીર રીતે ઘાયલ થયો હતો. આ અકસ્માત ડમ્પર અને બાઈક વચ્ચે થયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, ભાવેશ શંભુભાઈ કારયાણી નામના યુવકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું, જ્યારે બાઈકની પાછળ બેઠેલા અન્ય યુવકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. બંને યુવાનો રત્નકલાકાર હોવાનું પ્રાથમિક અનુમાન છે. અકસ્માત સર્જી ડમ્પરચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. પોલીસે ગુનો નોંધી ફરાર ડમ્પરચાલકને ઝડપી પાડવા માટે શોધખોળ શરૂ કરી છે. આ ઘટનાને પગલે હાઈવે પર ટ્રાફિક જામ થયો હતો અને સ્થાનિક લોકોમાં શોક ફેલાયો હતો.

# ચલાલા શહેરમાંથી દારૂની બોટલો, બીયરના ટીન ઝડપાયા

અમરેલી, તા.૧૮

ચલાલામાં દાનેવ સોસાયટીમાંથી પોલીસે દારૂની બોટલો, બીયરના ટીન ઝડપી પાડ્યા હતા.

સોસાયટીના રહેણાંક મકાનમાંથી પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂની વિવિધ બ્રાંડની ૮ બોટલો, બીયરના ૧૦ ટીન મળી કુલ ૪૩૧૯ રૂપિયાનો પ્રોહિબીશન મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સાવરકુંડલા ટાઉનમાંથી બાઢડા ગામે રહેતો અને હોટલ મેનેજર તરીકે ફરજ બજાવતો પુરુષ એક બોટલ દારૂ સાથે પકડાયો હતો. જિલ્લામાં વિવિધ જગ્યાએથી ૧૦ લોકો પાસેથી ૨૧ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

આ સિવાય જિલ્લામાંથી ૧૨ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

# ભુરખીયા હનુમાનજી મંદિરે વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાયો : ૧૦૨ દર્દીઓએ લાભ લીધો

દામનગર,તા.૧૮

અમરેલી જિલ્લાના ભુરખીયા હનુમાનજી દાદાના મંદિરે ૮૭મા વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં કુલ ૧૦૨ દર્દીઓની આંખોની તપાસ કરવામાં આવી હતી. આ નેત્ર નિદાન કેમ્પ લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સિટી), ભુરખીયા મંદિર ટ્રસ્ટ અને સુદર્શન નેત્રાલય



ટ્રસ્ટ અમરેલીના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો. કેમ્પનો આર્થિક સહયોગ રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર – મુંબઈ દ્વારા પૂરો પાડવામાં આવ્યો હતો, જેનાથી અનેક જરૂરિયાતમંદ દર્દીઓને લાભ મળ્યો હતો. કેમ્પ દરમિયાન તપાસાયેલા ૧૦૨ દર્દીઓ પૈકી ૨૮ દર્દીઓને મોતિયાના ઓપરેશન માટે અમરેલી લઈ જવામાં આવ્યા હતા. આ ત્રણેય સંસ્થાઓના પદાધિકારીઓ, કર્મચારીઓ અને સ્વયંસેવકોએ નિઃસ્વાર્થ ભાવે સેવા આપીને આ કેમ્પને સફળ બનાવ્યો હતો.

આવા સેવાભાવી કાર્યો દ્વારા અનેક લોકોની દ્રષ્ટિ સુધારવામાં મદદ મળી રહી છે.

# અમરેલીમાં પક્ષીઓ માટે ૯૦૦ કિલો ચણની વ્યવસ્થા કરાઈ

અમરેલી, તા.૧૮



અમરેલીના વૃંદાવન ગૌ સેવા ટ્રસ્ટ અને દાતાઓના સહયોગથી ચોમાસા પહેલાં પક્ષીઓ માટે ૮૦૦થી ૯૦૦ કિલો ચણ હનુમાન ગાળા મંદિરે મુકવામાં આવી છે. આ પ્રવૃત્તિ જીવદયા અને પરોપકારની સાચી ભાવનાને ઝળહળાવતી છે. ટ્રસ્ટ સતત ગૌસેવા, કરુણા અભિયાન અને પક્ષી બચાવની પ્રવૃત્તિઓમાં સંકળાયેલું છે. સંસ્થાના પ્રમુખ પ્રશાંતભાઈ ચુડાસમાએ દાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે ચણથી પક્ષીઓને ચોમાસામાં ખોરાકની અછત નહીં સહન કરવી પડે.

# પ્રૌઢે 'હું પ્લોટ ખાલી નહીં કરું' તેમ કહેતા ગાળો બોલી ધમકી આપી

**રાજુલાના ઝીંઝકા ગામનો બનાવ**

રાજુલા, તા.૧૮

રાજુલાના ઝીંઝકા ગામે રહેતા એક પ્રૌઢે 'હું પ્લોટ ખાલી નહીં કરું' તેમ કહેતા તેને ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે મહોબતસિંહ મંગળસિંહ વાળા (ઉ.વ.૭૫)એ મહીપાલસિંહ અનિરૂધ્ધસિંહ, વિરદીપસિંહ વેલુભા, જયરાજસિંહ વેલુભા તથા ટીણુભા વનરાજભાઈ વાળા સામે ફરિયાદ નોંધાવી હતી.

જે મુજબ, તેઓ તેમના પ્લોટમાં હાજર હતા ત્યારે આરોપી તેમની પાસે આવીને કહેવા લાગ્યા કે, 'આ પ્લોટ ખાલી કરી નાખજે.' જેથી તેમણે 'મેં તમને મારા પ્લોટમાં હલાણ કાઢી આપ્યું છે, હું પ્લોટ ખાલી નહીં કરું 'તેમ કહેતા અશ્લીલ ગાળો આપી હતી.

તેમજ ધક્કો મારી પછાડી દઈ જાનથી મારવાની ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.એલ. ભેરડા વધુ તપાસ કરી રહ્યા છે.

# વડ ગામે 'મારી સાથે બે દિવસથી કેમ માથાકૂટ કરે છે' કહી યુવકને માર માર્યો

રાજુલા, તા.૧૮

રાજુલાના વડ ગામે બસ સ્ટેશન પાસે એક યુવકને 'મારી સાથે કેમ બે દિવસથી માથાકૂટ કરે છે' તેમ કહી ફોરવ્હીલમાંથી બહાર ખેંચીને ઢીકાપાટુ માર્યા હતા. બનાવ અંગે નજુભાઈ મનુભાઈ ધાખડા (ઉ.વ.૨૪)એ જયરાજ વાજસુરભાઈ ધાખડા, રણજીત વાજસુરભાઈ ધાખડા અને હરેશ વાજસુરભાઈ ધાખડા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમને બે દિવસ પહેલા જયરાજ ધાખડા સામે ફોરવ્હીલ ચલાવવા બાબતે માથાકૂટ થઈ હતી. જે બાબતનું મનદુઃખ રાખી તેઓ તેમની ફોરવ્હીલ લઈ પસાર થતાં હતા ત્યારે 'કેમ મારી સાથે બે દિવસથી માથાકૂટ કરે છે' તેમ કહી ગાડીમાંથી કોલર પકડી બહાક કાઢ્યા હતા અને શરીરે જેમ ફાવે તેમ ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો તેમજ જાનથી મારવાની ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.બી. મહેરા તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાના સંત શિરોમણી શ્રી આપાલાખાની પ્રતિમા બાંદ્રા ખાતે ગોરધનબાપાને અર્પણ કરવામાં આવી

સાવરકુંડલા, તા.૧૮

સાવરકુંડલાના સંત શિરોમણી શ્રી આપાલાખાની પ્રતિમા બાંદ્રા ખાતે તા.૧૧/૦૬/૨૫ને બુધવારના રોજ શ્રી ગોરધનબાપાને અર્પણ કરવામાં આવી હતી. જેમાં મહંત નાનજી ભગત, મહામંડલેશ્વર ગોવિંદગીરીબાપુ, અરવિંદબાપુ, મગનબાપુ, મહેશબાપુ, ડોક્ટર મયુરભાઈ



પારધી, રમેશભાઈ વેગડા, મનોજભાઈ વાઘ, મોહનભાઈ બારૈયા, પાતાભાઈ બગડા સહિત વિશાળ સંખ્યામાં સત્સંગીઓ જોડાયા હતા. ત્યારબાદ સંત શિરોમણી દાસી જીવણ (ઘોઘાવદર)ના સમાધિ દર્શન કર્યા હતાં.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: આઠમ
તા.૧૯-૦૬-૨૦૨૫, ગુરૂવાર, સૂર્યોદય-૦૫:૨૩,
સૂર્યાસ્ત-૦૭:૨૧, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ઉત્તરભાદ્રપદ

## દૈનિક રાશિફળ

તા.૧૯-૦૬-૨૦૨૫ ગુરૂવાર

મેષ: આજે તમારે સ્વાસ્થ્ય પ્રત્યે વિશેષ કાળજી લેવાની જરૂર છે. બદલાતા હવામાનને કારણે આરોગ્ય બગડી શકે છે. ધંધાની દ્રષ્ટિએ દિવસ સુખદ રહેશે.

વૃષભ: આજે તમારી રાશિમાં શુભ યોગની રચના થઈ રહી છે. મોડી સાંજ સુધીમાં લાંબા સમયથી બાકી રહેલી ડીલને અંતિમ સ્વરૂપ આપી શકાય છે.

મિથુન: જે લોકો કોઈ પ્રકારનાં સર્જનાત્મક કાર્ય સાથે સંકળાયેલા છે તેમના માટે આજનો દિવસ ખૂબ જ શુભ છે. આવા લોકોના પ્રોજેક્ટ્સ આજે સફળ થશે.

કર્ક: આજનો દિવસ તમને લાભ આપવા જઈ રહ્યો છે. આજે પરિવાર સાથે ધાર્મિક યાત્રા પર જવા માટે કોઈ યોજના બનાવી શકાય છે.

સિંહ: તમારી રાશિના જાતકો માટે આજનો દિવસ વ્યસ્ત બની શકે છે. આજે ધાર્મિક કાર્યમાં તમારી રુચિ વધશે અને તમે દાન આપવાનું વિચારી શકો છો.

કન્યા: આજનો દિવસ તમારા માટે શુભ દિવસ છે અને આજે તમને સફળતા મળશે. તમે સમર્પણ સાથે જે પણ કાર્ય કરો છો આજે તેનું ફળ તે જ સમયે પ્રાપ્ત થઈ શકે છે.

તુલા: આજનો દિવસ તમારી રાશિના જાતકો માટે થોડો સાવધાન રહેવાનો છે. એકબીજા સાથેની ક્રિયા-પ્રતિક્રિયામાં સાવચેત રહો.

વૃશ્ચિક: આજે તમારી રાશિના જાતકો માટે સામાન્ય દિવસ છે. જો તમે તમારા જીવનસાથી સાથે કોઈ કામ કરી રહ્યા છો તો ફાયદાકારક રહેશે.

ધન: આજનો દિવસ તમારી રાશિના જાતકો માટે વિશેષ દિવસ બની રહ્યો છે. જો તમે વ્યવસાયની બાબતમાં થોડું જોખમ લેશો તો મોટા નફાની અપેક્ષા છે.

મકર: આજનો દિવસ તમારા માટે લાભકારક સાબિત થવાનો છે અને આજે તમારી બધી સમસ્યાઓ ઉકેલાશે. નવા પ્રોજેક્ટ પર કામ આજથી શરૂ થઈ શકે છે.

કુંભ: આજે તમને લાભ મળશે અને તમને દરેક કામમાં સફળતા મળશે. બિઝનેસમાં જોખમ લેવાનું પરિણામ આજે ફાયદાકારક રહેશે.


મીન: વ્યાવસાયિક લોકો માટે આજનો દિવસ ખૂબ જ ખાસ બની શકે છે. નોકરી-ધંધાના ક્ષેત્રમાં આજે તમને ખાસ સફળતા મળશે.

# ધારી એસબીઆઈ બેન્ક દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરાયું

**કેમ્પમાં ૩૩ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું**

અમરેલી,તા.૧૮

ધારીના સ્ટેશન પ્લોટ ખાતે આવેલી એસબીઆઈ બેંક દ્વારા અમરેલીની શાંતાબા મેડિકલ હોસ્પિટલના



સહયોગથી એક રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ માનવતાવાદી પહેલમાં બેંકના સ્ટાફે ઉત્સાહભેર ભાગ લીધો હતો અને રક્તદાન કર્યું હતું. આ કેમ્પ થકી કુલ ૩૩ બોટલ લોહી એકત્રિત કરવામાં આવ્યું હતું, જે જરૂરિયાતમંદ દર્દીઓ માટે અત્યંત ઉપયોગી થશે. એસબીઆઈના મેનેજર દેવેન્દ્ર પાટીલ અને તેમના સ્ટાફના સભ્યોએ આ કેમ્પને સફળ બનાવવા માટે સરાહનીય પ્રયાસો કર્યા હતા.

# સા.કુંડલામાં વેપારીને ઊંચા વ્યાજે રૂ.૧૦ લાખ લેવાનું ભારે પડ્યું

**જાનથી મારી નાખવાની ધમકી આપી**

સાવરકુંડલા, તા.૧૮

સાવરકુંડલામાં રહેતા એક વેપારીને ઊંચા વ્યાજે રૂપિયા ૧૦ લાખ લેવાનું ભારે પડ્યું હતું. તેમને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. બનાવ અંગે વેપારી હીરેનભાઈ નરેશભાઈ વનરા (ઉ.વ.૪૦)એ રાજુભાઈ નાઈ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે આરોપીઓ પાસેથી રૂપિયા ૧૦ લાખ ૪૫ દિવસ માટે ૩૦ ટકાના ઊંચા વ્યાજ દરે લીધા હતા. આરોપીએ વ્યાજની રૂપિયા ૩ લાખની માંગણી કરી તેમને અવારનવાર જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પીએસઆઈ જી.એમ. જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે.

**જિલ્લામાં સાયબર ક્રાઈમ અવેરનેસ વચ્ચે**

# સાવરકુંડલામાં રત્નકલાકાર સાયબર ક્રાઈમનો ભોગ બન્યો

**૪,૪૯,૨૫૮ રૂપિયાની છેતરપિંડી**

સાવરકુંડલા, તા.૧૮

અમરેલી જિલ્લામાં લોકો સાયબર ક્રાઈમનો ભોગ બનતાં અટકે તે માટે પોલીસ દ્વારા સતત અવેરનેસ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. તેમ છતાં સાવરકુંડલામાં એક રત્નકલાકાર સાયબર ક્રાઈમનો ભોગ બન્યો હતો. બનાવ અંગે અરસીન બાલુભાઈ ધીમેચા (ઉ.વ.૨૦)એ મોહસીનભાઈ, નિરવભાઈ, ઈમરાન ઉર્ફે ટીમો તથા મુનીર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીઓએ ગુન્હાહિત કાવતરું રચી તેમને વિશ્વાસમાં લઈ એક્સીસ બેંકના ખાતામાં એક લાખ જમા કરવાની વાત કરી રૂ.૪,૯૪,૨૫૮/- જમા કરાવડાવી અને થોડાક સમય માટે ફરિયાદીના બેંક ખાતાના ડોક્યુમેન્ટ અને મોબાઈલ ફોન પોતાની પાસે જમા લઈ અને આ રૂપિયાનો અલગ-અલગ રીતે ઉપાડ કરી/ કરાવડાવી ગુનામાં એકબીજાને મદદગારી કરી તેમના ખાતામાં સાયબર ફ્રોડના ગેર કાયદેસરના નાણા જમા કરાવડાવી વિશ્વાઘાત અને છેતરપિંડી કરી હતી. અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પીઆઈ કે.વી. ચુડાસમા વધુ તપાસ કરી રહ્યા છે.

# ૨૪મી સુબ્રટો ઈન્ટરનેશનલ ફૂટબોલ ટુર્નામેન્ટ તા.૨૫ અને તા.૨૬એ યોજાશે

અમરેલી,તા.૧૮

૨૪મી સુબ્રટો ઈન્ટરનેશનલ ફૂટબોલ ટુર્નામેન્ટ તા.૨૫ અને તા.૨૬ એ યોજાશે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક હોય તેવી અમરેલી જિલ્લાની શાળાઓએ www. subrotocup.in પર તા.૨૪ જૂન, ૨૦૨૫ સુધીમાં રજિસ્ટ્રેશન કરાવવું. ભાગ લેવા માગતી શાળાઓએ રુ.૨,૦૦૦ એન્ટ્રી ફી ભરવી, ઓનલાઈન એન્ટ્રી બાદ શાળાઓને આ સ્પર્ધામાં પ્રવેશ મળશે. અમરેલી સ્થિત સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, ગોળ દવાખાનાની બાજુમાં, ચિત્તલ રોડ ખાતે ૬૪મી સુબ્રટો કપ ભાઈઓ માટે અંડર-૧૫ તા.૨૫ જૂન, ૨૦૨૫એ તેમજ ભાઈઓ અને બહેનો માટે અંડર-૧૭ વય જૂથની સ્પર્ધા તા.૨૬ જૂન, ૨૦૨૫એ યોજાશે. અંડર-૧૫, ભાઈઓની સ્પર્ધા માટે કટ ઓફ ડેટ મુજબ, તા.૦૧.૦૧.૨૦૧૧

**ઓનલાઈ એન્ટ્રી ફી ભર્યા બાદ શાળાઓ આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે**

પછી જન્મેલા અને અંડર-૧૭, ભાઈઓ અને બહેનો માટે તા.૦૧.૦૧.૨૦૦૯ પછી જન્મેલા હોય તે ભાગ લઈ શકશે, તેમ અમરેલી જિલ્લા ઈન્ચાર્જ રમતગમત અધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

**તંત્રી લેખ**

# G-7 સંમેલન બાદ ભારત કેનેડાના સંબંધો સુધરશે

અમેરિકા ભારતના સંબંધો સારા છે. એનો અર્થ એવો નથી કે તે ભારતનું પરમ મિત્ર છે. દુનિયામાં સૌથી વધુ કોઈ સ્વાર્થી દેશ હોય તો તે અમેરિકા છે. માત્ર તે પોતાનું હિત જ જુએ છે જ્યાં અમેરિકાનું હિત હોય ત્યાં જ તે ધ્યાન કેન્દ્રિત કરે છે બાકી અમેરિકા જરા પણ જતું કરવા તૈયાર નથી. ભારત સાથે અમેરિકાને માત્ર વ્યાપાર કરવામાં જ રસ છે. તેને શસ્ત્રો વેચવા છે, ચીનનો સામનો કરવા માટે ભારતની જરૂર છે બાકી તે ભારતનું પરમ મિત્ર નથી. અમેરિકામાં વસતા ભારતીય લોકોનું મહત્વ હોવાથી તે ભારતને આવકારે છે. અમેરિકાના ભારતીય વિદ્યાર્થી પ્રત્યેનો ઘાતકી વ્યવહાર તથા ભારતના લોકોને હેરાન પરેશાન કરીને હાથકડી પહેરાવી મોકલવાની તેની રીત અમેરિકામાં વસતા ભારતીય અને સૌ કોઈને જરા પણ ગમી નથી. આ વસ્તુ આંતરરાષ્ટ્રીય રાજકારણનો ગંભીર પ્રશ્ન નથી આમ છતાં આ અમાનવીય વર્તણૂક ભારતને ન ગમે તે સ્વાભાવિક છે. તેથી જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી કેનેડામાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને નહી મળે. આ રીતે ભારત અમેરિકાને પોતાનો શાંત વિરોધ બતાવશે.ટ્રમ્પના વર્તન પછી ભારતના વડાપ્રધાન દુરી બનાવશે અને અમેરિકાને અહેસાસ કરાવશે કે ભારત બીજા દેશો કરતા અલગ છે. ઓપરેશન સિંદૂર પછી G-7 મિટિંગમાં વડાપ્રધાન પહોંચ્યા છે. તેનું સમયપત્રક જ એવી રીતે ગોઠવવામાં આવ્યું છે કે અમેરિકા સાથેની મુલાકાત ટાળવામાં આવી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી G-7 સમિટમાં ભાગ લેવા માટે કેનેડા પહોંચ્યા છે. G-7 માટે પીએમ મોદી કેનેડાના કેલગરી શહેરમાં પહોંચ્યા છે. અહીં તેઓ ૫૧મા G7 સમિટમાં ભાગ લેશે. આ મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે દુનિયામાં ઈરાન અને ઈઝરાયલ વચ્ચે તણાવ સતત વધી રહ્યો છે. અગાઉ, પ્રધાનમંત્રીએ સાયપ્રસની તેમની મુલાકાત પૂર્ણ કરી, જ્યાં તેમણે સાયપ્રસના રાષ્ટ્રપતિ નિકોસ ક્રિસ્ટોડોલિડ્સ સાથે વ્યાપક વાતચીત કરી. બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવા અંગે ચર્ચા થઈ. વિદેશ મંત્રાલયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ મુલાકાતને "યાદગાર" ગણાવી હતી અને પીએમ મોદીએ સાયપ્રસના રાષ્ટ્રપતિ અને ત્યાંના લોકોનો ઉષ્માભર્યા અને અદ્ભુત આતિથ્ય માટે આભાર માન્યો હતો. આ દિવસોમાં, વડાપ્રધાન મોદી ત્રણ દેશોના ચાર દિવસના પ્રવાસ પર છે, જેમાં સાયપ્રસ, કેનેડા અને ક્રોએશિયાનો સમાવેશ થાય છે. G7 સમિટ પછી, તેમનો આગામી પડાવ ક્રોએશિયા હશે. આ વર્ષે G7 સમિટ કેનેડાના આલ્બર્ટા પ્રાંતના કનાનાસ્કિસમાં યોજાઈ રહી છે. આ ઘટના એવા સમયે બની રહી છે જ્યારે વિશ્વના કેટલાક દેશો ખુલ્લેઆમ એકબીજા સામે યુદ્ધના મેદાનમાં ઉતર્યા છે. ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધતા સંઘર્ષ અને રશિયા-યુક્રેન યુદ્ધની પૃષ્ઠભૂમિમાં આ બેઠક ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. કેનેડિયન પીએમ સાથે દ્વિપક્ષીય વાટાઘાટોની શક્યતા છે. પ્રધાનમંત્રી મોદી કેનેડાના પ્રધાનમંત્રી માર્ક કાર્ની સહિત અન્ય ઘણા G7 અને આમંત્રિત દેશોના નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠકો કરવાના છે. કાર્ની દ્વારા મોદીને G7 સમિટમાં આમંત્રણ આપવું એ સંકેત છે કે કેનેડાની નવી સરકાર ભારત સાથેના સંબંધો સુધારવાનો ઈરાદો ધરાવે છે, જે ખાલિસ્તાની અલગતાવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા પછી અત્યંત તણાવપૂર્ણ બન્યા હતા. આ સંમેલનમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સમિટ અધવચ્ચે જ છોડી દેશે અને થોડા સમયમાં અમેરિકા પરત ફરશે. મંગળવારે સવારે વ્હાઈટ હાઉસે કહ્યું કે ટ્રમ્પે મધ્ય પૂર્વમાં તણાવને કારણે આ નિર્ણય લીધો છે.

# ભારતના ત્રણ મિત્ર દેશો ઈરાન, ઈઝરાયલ અને પડદા પાછળ અમેરિકા મેદાને જંગમાં




**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

ધાક ધમકી માત્ર અમેરિકા જ વિશ્વના બીજા દેશોને આપે છે એવું નથી ઈઝરાયલે પણ ઈરાનને કડક શબ્દોમાં ધમકી આપી છે કે નહીં માનો તો સદ્દામ હુસૈનની જેમ કૂતરાના મોત મરશો. ઈઝરાયલે ઈરાનના સુપ્રીમ લીડર ખામેનીને ચેતવણી આપી. G-7 સંમેલનમાંથી અમેરિકી પ્રમુખ અધવચ્ચે ઉઠીને ચાલતા થયા !! એનું કારણ પણ આ જ છે. ભારતને ત્રણેય દેશો સાથે સારા સંબંધો છે આથી ભારત તટસ્થ નીતિ અપનાવી રહ્યું છે. ભારત માત્ર પોતાના નાગરિકોને યુદ્ધગ્રસ્ત એરિયામાંથી બહાર કેમ લાવવા તેની યોજના બનાવે છે. યુદ્ધ કરવું એ ખાવાના ખેલ નથી. અમેરિકાને પોતે સુપર પાવર હોવાનો અહંકાર છે તો સામે પક્ષે ઈરાન પણ નમતું જોખવા તૈયાર નથી. અમેરિકા યુદ્ધમાં સીધું સામેલ નથી પરંતુ તેના વતી ઈઝરાયલ લડે છે. ઈઝરાયલે ઈરાનને આકરા શબ્દમાં ધમકી આપી અને કહ્યું કે શરણે થઈ જાઓ નહીં તો સદ્દામ હુસૈનની જેમ કૂતરાના મોતે મરશો. અત્યારના તમામ યુદ્ધમાં આ યુદ્ધ સૌથી વધુ ભીષણ બનતું જાય છે. ઈરાન સાથેના યુદ્ધ દરમિયાન, ઈઝરાયલે ઈસ્લામિક રિપબ્લિકના ઘણા ટોચના લશ્કરી કમાન્ડરો અને પરમાણુ વૈજ્ઞાનિકોને મારી નાખ્યા છે. હવે ઈઝરાયલે ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેનીને સીધી ધમકી આપી છે. ઈઝરાયલના સંરક્ષણ પ્રધાન કાત્ઝે મંગળવારે કહ્યું હતું કે સુપ્રીમ લીડર ખામેની પણ ઈરાકના ભૂતપૂર્વ સરમુખત્યાર સદ્દામ હુસૈનની જેવું પરિણામ ભોગવશે. કાત્ઝે કહ્યું, 'યાદ રાખો કે ઈરાનના પડોશી દેશના સરમુખત્યારનું શું થયું હતું જે ઈઝરાયલનો વિરોધ કરતા હતા.' સંરક્ષણ પ્રધાન કાત્ઝનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે એવા અહેવાલો છે કે ઈઝરાયલ ખામેનીને મારવાનું હતું પરંતુ અમેરિકાએ તેને આમ કરવાથી રોકી દીધું. સદ્દામ હુસૈનને તેના જ લોકો એટલે કે ઈરાકીઓએ માથે રહીને મરાવી નાખ્યો હતો. ઈરાકમાં, યુએસ સેનાએ હુસૈનને સત્તા પરથી દૂર કર્યા હતા, ત્યારબાદ તેઓ પોતાના દેશમાં છુપાઈ ગયા હતા. પકડાયા બાદ, તેમને તેમના જ મહેલમાં કેદ કરવામાં આવ્યા અને પછી ૩૦ ડિસેમ્બર ૨૦૦૬ ના રોજ, યુએસ સમર્થિત ઈરાકી સરકારે તેમને ફાંસી આપી દીધી. અગાઉ, ઘણા અમેરિકી અધિકારીઓએ કહ્યું હતું કે ઈઝરાયલ ખામેનીને મારી નાખવાનું છે પરંતુ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વીટો દ્વારા ઈઝરાયલને આમ કરતા અટકાવ્યું હતું. એક વરિષ્ઠ અમેરિકન અધિકારીએ ન્યૂઝ એજન્સી રોઈટર્સને જણાવ્યું હતું કે અત્યાર સુધી ઈરાનીઓએ એક પણ અમેરિકનની હત્યા કરી નથી, તેથી અમેરિકા ઈરાનના રાજકીય નેતૃત્વને પણ નિશાન બનાવશે નહીં. આ પછી, ફોક્સ ન્યૂઝ સાથે વાત કરતી વખતે, ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ સંકેત આપ્યો હતો કે ઈરાનમાં સત્તા પરિવર્તન થઈ શકે છે. ઈરાન-ઈઝરાયલ સંઘર્ષ વિશે યુએસ રાષ્ટ્રપતિ શું કહી રહ્યા છે તે જાણવું પણ જરૂરી છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે તેઓ ફક્ત ઈરાન અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધવિરામ ઈચ્છતા નથી, પરંતુ સમસ્યાનો વાસ્તવિક ઉકેલ ઈચ્છે છે. ઈઝરાયલે ઈરાન પર તેના પરમાણુ કાર્યક્રમ પર હુમલો કર્યો છે. ઈઝરાયલનું કહેવું છે કે ઈરાન નાગરિક પરમાણુ કાર્યક્રમની આડમાં પરમાણુ બોમ્બ બનાવી રહ્યું છે. ઈરાન આ વાતનો ઈનકાર કરે છે. અહીં, અમેરિકા ઈરાનને પરમાણુ બોમ્બ બનાવતા અટકાવવા માટે તેની સાથે નવો પરમાણુ કરાર કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ માટે, ચાલી રહેલી વાતચીતમાં, અમેરિકા માંગ કરી રહ્યું છે કે ઈરાન તેનું યુરેનિયમ સંવર્ધન બંધ કરે. અણુ બોમ્બ બનાવવા માટે ૯૦% સમૃદ્ધ યુરેનિયમની જરૂર પડે છે. પરંતુ ઈરાને તેમ કરવાનો ઈનકાર કર્યો, જેના પછી પરમાણુ વાટાઘાટો નબળી પડી ગઈ અને આ દરમિયાન ઈઝરાયલે ગયા ગુરુવારે રાત્રે ઈરાન પર હુમલો કર્યો. ટ્રમ્પ કહે છે કે ઈરાન પરમાણુ હથિયારો રાખી શકે નહીં અને અમેરિકા તેને આમ કરવાથી રોકવા માટે દરેક જરૂરી પગલાં લેશે. ઈરાને મોસાદના મુખ્યાલય પર મિસાઈલ હુમલો કરવાનો દાવો કર્યો, ઈઝરાયલી લશ્કરી ગુપ્તચર ઈમારતને પણ નિશાન બનાવવામાં આવી. ઈઝરાયલના ઈરાન સંઘર્ષ પર પહેલી વાર ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે પ્રતિક્રિયા આપી, કહ્યું બેઈજિંગ ખૂબ જ ચિંતિત છે, ઈરાન પર ઈઝરાયલના મોટા હુમલાના ૫ દિવસ પછી જિનપિંગે પોતાનું મૌન તોડ્યું; તેણે તેના ઘાયલ મિત્ર વિશે શું કહ્યું? ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે હવે છેલ્લા પાંચ દિવસથી ચાલી રહેલા ઈઝરાયલ-ઈરાન યુદ્ધ પર પોતાનું મૌન તોડ્યું છે. પોતાની પહેલી ટિપ્પણીમાં, ચીની નેતાએ કહ્યું કે બેઈજિંગ આ સંઘર્ષ અને મુકાબલાથી ખૂબ ચિંતિત છે. ચીનની સરકારી સમાચાર એજન્સી શિન્હુઆએ મંગળવારે અહેવાલ આપ્યો કે, ચીનના રાષ્ટ્રપતિએ કહ્યું કે તેમનો દેશ ઈરાન વિરુદ્ધ ઈઝરાયલની લશ્કરી કાર્યવાહીને કારણે મધ્ય પૂર્વમાં અચાનક વધી રહેલા તણાવ અંગે ખૂબ ચિંતિત છે. શુક્રવારે શરૂ થયેલા ઈરાન-ઈઝરાયલ સંઘર્ષ પર તેમની પ્રથમ જાહેર ટિપ્પણીમાં, શીએ કહ્યું કે ચીન કોઈપણ એવા કૃત્યનો વિરોધ કરે છે જે અન્ય દેશોના સાર્વભૌમત્વ, સુરક્ષા અને પ્રાદેશિક અખંડિતતાનું ઉલ્લંઘન કરે છે. તમને જણાવી દઈએ કે ચીન ઈરાનનો મુખ્ય રાજદ્વારી અને આર્થિક સમર્થક અને મિત્ર રહ્યો છે. કઝાક રાજધાની અસ્તાનામાં ઉઝબેકના રાષ્ટ્રપતિ શવકત મિર્ઝીયોયેવ સાથે વાત કરતા શીએ કહ્યું, "લશ્કરી સંઘર્ષ એ સમસ્યાઓનો ઉકેલ લાવવાનો માર્ગ નથી અને પ્રાદેશિક તણાવમાં વધારો આંતરરાષ્ટ્રીય સમુદાયના સામાન્ય હિતમાં નથી." તમને જણાવી દઈએ કે શી હાલમાં બીજા ચીન-મધ્ય એશિયા સમિટ માટે અસ્તાનામાં છે. શીએ કહ્યું કે બંને પક્ષોએ શક્ય તેટલી વહેલી તકે સંઘર્ષનો ઉકેલ લાવવા માટે કામ કરવું જોઈએ. તેમણે કહ્યું કે ચીન આ ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા પુનઃસ્થાપિત કરવામાં રચનાત્મક ભૂમિકા ભજવવા માટે તમામ પક્ષો સાથે કામ કરવા તૈયાર છે. બીજી તરફ, ઈઝરાયલ અને ઈરાન વચ્ચેનું યુદ્ધ એક નવા વળાંક પર પહોંચી ગયું છે જેમાં ઈરાનના લશ્કરી વડા શાદમાની માર્યા ગયાનો દાવો કરવામાં આવ્યો છે. ઈઝરાયલે પોતાના દાવામાં કહ્યું છે કે ઈરાનના યુદ્ધ સમયના ચીફ ઓફ સ્ટાફ અને ઈસ્લામિક રિપબ્લિકના સૌથી વરિષ્ઠ અધિકારીઓમાંના એક અલી શાદમાની માર્યા ગયા છે. ઈઝરાયલે તેહરાનમાં તેના રાજ્ય મીડિયા IRIB ન્યૂઝના મુખ્યાલયને નિશાન બનાવ્યું છે. આ યુદ્ધના સંદર્ભમાં ભારત પોતાના નાગરિકોને યુદ્ધગ્રસ્ત એરિયામાંથી સલામત રીતે સ્વદેશ લાવવા માટે યોજના કરી રહ્યું છે. ભારત માટે આપણા નાગરિકો મહત્વપૂર્ણ છે આ માટે તૈયારી ચાલી રહી છે. ભારત માટે યુદ્ધમાં જોડાયેલા ત્રણેય દેશો સાથે સારા સંબંધો છે આથી તેને આ બાબતમાં તટસ્થ નીતિ રાખી છે જેમ હજારો ભારતીયોને યુક્રેનથી બહાર કાઢવામાં આવ્યા હતા, તેમ તેમને ઈરાનથી બહાર કાઢવા કેમ આટલા મુશ્કેલ છે?

**મધ્ય પૂર્વમાં અત્યારે ઈરાન, ઇઝરાયલ વચ્ચે ભયાનક યુદ્ધ ચાલી રહ્યું છે આમાં પડદા પાછળ અમેરિકા લડી રહ્યું છે. ઈરાનને ઝુકાવવા માટે અમેરિકા ઇઝરાયલને સક્રિય સહયોગ આપી રહ્યું છે.**

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૬૬૬ |
| ઘઉં લોકવન | ૪૮૬ | ૫૧૫ |
| ઘઉં ટુકડા | ૪૯૬ | ૫૨૬ |
| જુવાર સફેદ | ૭૩૦ | ૮૩૪ |
| જુવાર લાલ | ૬૫૦ | ૭૫૦ |
| જુવાર પીળી | ૩૩૦ | ૪૮૦ |
| બાજરી | ૩૮૫ | ૪૩૦ |
| તુવેર | ૧૦૨૫ | ૧૨૯૦ |
| ચણા પીળા | ૯૯૦ | ૧૧૧૫ |
| ચણા સફેદ | ૧૨૫૦ | ૧૯૪૦ |
| અડદ | ૧૦૫૧ | ૧૪૧૫ |
| મગ | ૧૩૨૦ | ૧૫૫૯ |
| વાલ દેશી | ૩૦૦ | ૮૮૨ |
| ચોળી | ૧૨૦૦ | ૧૫૫૦ |
| વટાણા | ૩૦૦ | ૫૦૦ |
| કળથી | ૮૨૧ | ૮૨૧ |
| રાજમા | ૭૦૨ | ૮૫૬ |
| સીંગદાણા | ૧૩૫૦ | ૧૫૫૦ |
| મગફળી જાડી | ૯૮૦ | ૧૨૪૦ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૬૧૦ |
| તલી | ૧૪૦૦ | ૨૧૦૦ |
| સુરજમુખી | ૭૫૦ | ૭૫૦ |
| એરંડા | ૧૨૨૫ | ૧૨૮૬ |
| અજમો | ૯૦૦ | ૧૧૩૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૫૮ |
| સીંગફાડા | ૧૦૮૦ | ૧૩૭૫ |
| કાળા તલ | ૨૬૦૦ | ૩૩૫૦ |
| લસણ | ૮૦૧ | ૧૩૦૫ |
| ધાણા | ૧૦૪૧ | ૧૨૯૦ |
| ધાણી | ૧૧૦૦ | ૧૩૪૨ |
| વરીયાળી | ૯૫૦ | ૧૨૧૬ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૭૫૦ |
| રાય | ૧૧૩૦ | ૧૨૭૦ |
| મેથી | ૮૨૦ | ૧૨૯૦ |
| ઇસબગુલ | ૧૧૦૦ | ૧૭૦૦ |
| કલોંજી | ૨૯૦૦ | ૩૫૦૦ |
| રાયડો | ૧૦૫૦ | ૧૧૭૦ |
| રજકાનું બી | ૪૦૫૦ | ૫૫૦૦ |
| ગુવારનું બી | ૮૫૦ | ૯૭૦ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૪૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૯૦૦ |
| બટેટા | ૧૮૦ | ૩૬૧ |
| ડુંગળી સુકી | ૮૧ | ૩૨૦ |
| ટમેટા | ૪૦૦ | ૬૦૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| મુળા | ૩૦૦ | ૪૫૦ |
| રીંગણા | ૩૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ચોળાસીંગ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ટીંડોળા | ૩૦૦ | ૬૦૦ |
| દુધી | ૧૦૦ | ૨૫૦ |
| કારેલા | ૩૦૦ | ૬૦૦ |
| સરગવો | ૧૦૦ | ૫૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૨૦૦ |
| પરવર | ૩૦૦ | ૬૦૦ |
| કાકડી | ૩૩૦ | ૫૨૦ |
| ગાજર | ૩૫૦ | ૫૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| બીટ | ૨૫૦ | ૪૫૦ |
| મેથી | ૨૦૦૦ | ૨૫૦૦ |
| ડુંગળી લીલી | ૮૦૦ | ૧૨૦૦ |
| આદુ | ૫૦૦ | ૮૦૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૮૫૦ |
| મકાઇ લીલી | ૩૦૦ | ૪૬૦ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૭૬૨ | ૧૦૭૨ |
| શિંગ મોટી | ૮૦૦ | ૧૧૧૭ |
| શિંગ દાણા | ૧૦૬૦ | ૧૫૧૦ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૪૭૮ |
| તલ સફેદ | ૧૦૮૦ | ૨૧૯૦ |
| તલ કાળા | ૨૧૦૦ | ૩૨૮૦ |
| તલ કાશ્મીરી | ૧૬૪૫ | ૨૨૦૦ |
| બાજરો | ૩૨૨ | ૫૨૫ |
| જુવાર | ૩૧૨ | ૫૮૦ |
| ઘઉં ટુકડા | ૪૧૪ | ૫૫૫ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૩૯ |
| મગ | ૧૦૯૦ | ૧૩૮૮ |
| અડદ | ૧૨૬૫ | ૧૩૫૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૮૪ |
| સફેદ ચણા | ૧૦૦૫ | ૧૧૦૨ |
| ચોળી | ૯૯૦ | ૯૯૦ |
| તુવેર | ૧૦૫૦ | ૧૨૩૮ |
| કપાસ | ૭૫૦ | ૧૬૩૫ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૭૩ |
| જીરૂ | ૨૨૦૦ | ૩૫૯૦ |
| ધાણી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| મેથી | ૭૦૦ | ૮૦૦ |
| સોયાબીન | ૬૦૦ | ૮૧૨ |
| કાંગ | ૪૭૦ | ૫૬૪ |
| સુવાદાણા | ૧૨૫૦ | ૧૨૫૦ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૨૦૦ | ૩૨૦ |
| રીંગણા | ૭૦૦ | ૯૦૦ |
| ફ્લાવર | ૫૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૨૫૦ | ૩૫૦ |
| શકકરીયા | ૬૫૦ | ૮૦૦ |
| ટમેટાં | ૫૫૦ | ૬૫૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ગાજર | ૬૫૦ | ૭૮૦ |
| દુધી | ૧૦૦ | ૧૨૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૩૨૦ | ૪૦૦ |
| કાકડી | ૩૫૦ | ૪૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| વટાંણા | ૨૦૫૦ | ૨૪૫૦ |
| ચોળા લીલાં | ૧૦૦૦ | ૧૪૦૦ |
| તુરીયા | ૧૦૫૦ | ૧૩૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૫૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૩૦ |
| કોથમીર | ૬૦૦ | ૮૦૦ |
| મેથીભાજી | ૧૫૦૦ | ૧૬૦૦ |
| ફોદીનો | ૬૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૫૦ |
| બીટ | ૪૦૦ | ૫૩૦ |
| સરગવો | ૮૫૦ | ૧૦૦૦ |
| લીમડો મીઠો | ૧૨૦ | ૧૪૦ |
| મરચાં લીલાં | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૪૦ |
| લસણ સુકુ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| મકાઈ | ૨૪૦ | ૩૨૦ |
| લીંબું | ૬૦૦ | ૭૦૦ |
| પાલક | ૭૫૦ | ૮૦૦ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૩૧ | ૧૬૪૬ |
| ઘઉં લોકવન | ૪૬૦ | ૫૧૮ |
| ઘઉં ટુકડા | ૪૮૬ | ૫૩૦ |
| મગફળી જીણી | ૮૫૧ | ૧૧૬૧ |
| સિંગદાણા જાડા | ૧૪૦૧ | ૧૮૪૧ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૩૫૧ |
| એરંડા / એરંડી | ૧૧૮૧ | ૧૩૨૧ |
| જીરૂ | ૨૭૫૧ | ૩૮૭૧ |
| કલંજી | ૧૦૦૧ | ૩૮૭૧ |
| ધાણા | ૮૦૧ | ૧૪૨૧ |
| લસણ સુકું | ૬૪૧ | ૧૩૪૧ |
| ડુંગળી લાલ | ૮૧ | ૨૭૬ |
| અડદ | ૯૦૧ | ૧૩૮૧ |
| તુવેર | ૭૫૧ | ૧૩૩૧ |
| રાયડો | ૧૦૭૧ | ૧૧૯૧ |
| મેથી | ૬૨૬ | ૮૧૧ |
| સુવાદાણા | ૧૨૦૧ | ૧૨૦૧ |
| કાંગ | ૩૦૧ | ૪૬૧ |
| મગફળી જાડી | ૭૫૧ | ૧૩૧૧ |
| સફેદ ચણા | ૧૦૮૧ | ૧૮૨૧ |
| મગફળી નવી | ૮૩૧ | ૧૨૪૧ |
| તલ - તલી | ૧૨૦૧ | ૨૦૦૧ |
| ધાણી | ૯૦૧ | ૧૫૭૬ |
| ડુંગળી સફેદ | ૧૪૦ | ૨૯૦ |
| બાજરો | ૩૦૧ | ૪૬૧ |
| જુવાર | ૫૫૧ | ૭૭૧ |
| મકાઇ | ૪૦૧ | ૪૫૧ |
| મગ | ૧૨૫૦ | ૧૫૪૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૨૧ |
| વાલ | ૫૫૧ | ૮૧૧ |
| ચોળા / ચોળી | ૮૮૧ | ૧૫૧૧ |
| સોયાબીન | ૬૫૧ | ૯૪૬ |
| કળથી | ૮૧૧ | ૯૦૧ |
| ગોગળી | ૭૫૦ | ૧૦૭૧ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૧૮૦ | ૭૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૮૦૦ |
| કોબી | ૧૦૦ | ૪૦૦ |
| દુધી | ૨૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૭૦૦ |
| કાકડી | ૧૦૦ | ૭૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૯૦૦ |
| ગલકા | ૨૦૦ | ૫૦૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૧૦૦ | ૯૦૦ |
| વટાણા | ૨૦૦૦ | ૩૦૦૦ |
| કેરી કાચી | ૨૦૦ | ૮૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૩૦ |
| ડુંગળી પુરા | ૨૦ | ૩૦ |
| તાંજરીયા પુરા | ૩ | ૭ |
| કોથમીર પુરા | ૨ | ૨૦ |
| મૂળા પુરા | ૧૦ | ૨૦ |
| કાચા કેળા | ૪૦૦ | ૬૦૦ |
| પરવર | ૫૮૦ | ૯૦૦ |
| ઘીસોડા | ૪૦૦ | ૧૬૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૮૦૦ |
| બીટ પુરા | ૫ | ૨૦ |
| સરગવો પુરા | ૧૦ | ૪૦ |
| ચોરા | ૨૦૦ | ૧૪૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૦૦૦ |
| કાચા પોપૈયા | ૮૦ | ૨૪૦ |
| આદુ | ૬૦૦ | ૧૦૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૩૦૦ |
| પાલક પુરા | ૨ | ૭ |

**ધારી**

| | | |
|---|---|---|
| મગફળી | ૮૬૦ | ૧૦૧૫ |
| ઘઉં લોકવન | ૩૦૦ | ૪૭૯ |
| ચણા | ૧૦૦૬ | ૧૦૨૫ |
| તલ કાળા | ૨૨૦૦ | ૨૨૦૦ |
| તલ સફેદ | ૧૨૦૫ | ૧૭૫૧ |
| મગ | ૧૦૦૦ | ૧૩૭૦ |
| શીંગ દાણા | ૧૧૦૦ | ૧૪૫૧ |
| શીંગ ફાડા | ૧૦૪૦ | ૧૨૩૦ |
| કલોંજી | ૨૫૭૦ | ૨૫૭૦ |
| બાજરો | ૩૫૦ | ૩૫૦ |
| સોયાબીન | ૬૪૫ | ૮૧૫ |

**ખાંભા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૫૧ | ૧૪૨૨ |
| મગફળી | ૮૬૫ | ૯૬૧ |
| ચણા | ૧૦૫૦ | ૧૦૬૯ |
| જુવાર સફેદ | ૭૪૧ | ૭૪૧ |
| તલ સફેદ | ૧૫૩૧ | ૧૬૨૬ |
| બાજરો | ૫૧૧ | ૫૧૧ |
| જીરૂ | ૩૯૦૦ | ૩૯૫૨ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૦ | ૧૪૪૫ |
| ઘઉં લોકવન | ૪૧૦ | ૫૧૭ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૪૯૫ |
| ચોળી | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ચણા | ૯૭૫ | ૧૦૬૫ |
| ધાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| શીંગફાડા | ૧૦૪૦ | ૧૩૫૫ |
| મગફળી | ૫૦૦ | ૯૭૦ |
| તલ સફેદ | ૧૨૧૦ | ૧૭૩૫ |
| સોયાબીન | ૬૨૦ | ૮૦૬ |
| બાજરો | ૩૦૦ | ૪૦૧ |
| મગ | ૧૦૦૦ | ૧૩૩૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| જુવાર | ૬૯૦ | ૭૦૦ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૫૫૫ | ૧૬૨૫ |
| કપાસ મીડીયમ | ૧૪૦૦ | ૧૫૫૦ |
| મગફળી | ૯૮૦ | ૧૦૫૦ |
| ઘઉં | ૪૬૫ | ૫૨૫ |
| તલ સફેદ | ૧૫૯૦ | ૧૮૫૦ |
| તલ કાળા | ૨૬૩૦ | ૨૯૦૦ |
| ચણા | ૧૦૫૬ | ૧૦૭૪ |
| મગ | ૧૨૭૦ | ૧૩૫૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૦૫૦ | ૧૨૪૦ |
| શીંગ મોટી | ૧૦૨૦ | ૧૧૦૦ |
| શીંગ ઉનાળુ | ૧૦૦૦ | ૧૧૪૦ |
| શીંગ દાણા | ૧૨૦૦ | ૧૪૩૦ |
| તલ સફેદ | ૧૫૮૦ | ૨૦૬૦ |
| તલ કાળા | ૨૨૫૦ | ૩૧૩૧ |
| જીરૂ | ૩૨૦૦ | ૩૮૦૦ |
| કપાસ | ૧૩૮૦ | ૧૫૯૦ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૨૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૫૦ |
| બાજરો | ૩૬૦ | ૪૫૦ |
| જુવાર | ૪૦૦ | ૮૦૦ |
| મગ | ૧૧૦૦ | ૧૩૮૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૩૯૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૨૫ |
| તુવેર | ૮૦૦ | ૧૦૫૦ |
| એરડી | ૧૧૦૦ | ૧૩૦૫ |
| મેથી | ૬૦૦ | ૭૮૦ |
| ધાણા | --- | ૧૧૮૦ |
| સોયાબીન | --- | ૭૨૨ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૯૬૯ | ૧૦૪૦ |
| તલ સફેદ | ૧૧૫૦ | ૧૮૨૫ |
| તલ કાળા | ૧૫૦૦ | ૨૫૦૦ |
| તલ પીળા | ૧૮૦૦ | ૧૮૭૬ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૭૧ |
| બાજરો | ૩૭૮ | ૫૦૮ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૫૧ |
| જુવાર | ૩૩૦ | ૮૩૫ |
| મકાઈ | ૪૩૧ | ૪૮૬ |
| મગ | ૧૧૦૦ | ૧૪૧૪ |
| અડદ | ૧૩૦૧ | ૧૩૫૯ |
| તુવેર | ૧૦૩૧ | ૧૧૨૧ |
| ચણા | ૮૦૦ | ૧૦૬૫ |
| અજમા | ૧૩૭૬ | ૧૩૭૬ |
| મેથી | ૭૫૧ | ૭૫૧ |
| સોયાબીન | ૮૦૦ | ૮૦૦ |
| રાય | ૧૧૫૧ | ૧૧૫૧ |
| શીંગ દાણા | ૧૩૦૦ | ૧૫૦૦ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૫૮૬ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૫ |
| મગ | ૭૫૧ | ૧૨૬૧ |
| ચણા | ૮૦૧ | ૧૦૬૧ |
| મગફળી | ૭૦૧ | ૧૦૦૧ |
| શિંગ દાણા | ૧૨૦૦ | ૧૯૩૬ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૨૦૧ |
| તલ સફેદ | ૧૧૦૧ | ૧૯૧૬ |
| ધાણા | ૮૦૦ | ૧૨૫૧ |
| સોયાબીન | ૬૦૧ | ૭૯૬ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૯૭૫ | ૧૨૦૦ |
| મગફળી ૩૨ નં. | ૯૯૦ | ૧૧૨૭ |
| મગફળી નવી | ૯૫૦ | ૧૦૮૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૮૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૨૪ |
| જુવાર | ૬૦૦ | ૯૧૨ |
| ચોળી | ૫૦૦ | ૧૧૧૦ |
| અડદ | ૧૩૦૦ | ૧૪૨૯ |
| મગ | ૧૨૦૦ | ૧૬૫૫ |
| એરંડી | ૧૧૮૦ | ૧૨૪૪ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૭૨ |
| સફેદ તલ | ૧૨૦૦ | ૧૭૧૦ |
| કાળા તલ | ૨૨૦૦ | ૩૧૯૦ |
| સોયાબીન | ૭૮૦ | ૮૫૦ |
| સીંગદાણા | ૧૩૫૦ | ૧૮૭૦ |


**મહુવા**

| | | |
|---|---|---|
| શીંગ મગડી ઉનાળુ | ૧૦૮૦ | ૧૪૧૦ |
| શીંગ ૩૯ | ૯૩૦ | ૧૨૬૮ |
| શીંગ ૩૨ | ૯૪૨ | ૧૦૮૭ |
| શીંગ જી-૨૦ | ૯૫૦ | ૧૧૦૮ |
| એરંડા | ૧૦૮૨ | ૧૨૬૦ |
| જુવાર | ૩૩૧ | ૮૨૨ |
| બાજરી | ૩૫૧ | ૫૯૯ |
| ઘઉં ટુકડા | ૪૨૦ | ૬૦૦ |
| મેથી | ૫૩૫ | ૮૭૬ |
| અડદ | ૨૦૧ | ૧૩૩૫ |
| મગ | ૩૫૦ | ૧૩૯૮ |
| ચોળી | ૧૨૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૭૫૧ | ૭૯૬ |
| ચણા | ૧૦૨૦ | ૧૦૭૬ |
| તલ સફેદ | ૯૪૦ | ૨૦૪૪ |
| તલ કાળા | ૧૫૮૦ | ૨૯૬૧ |
| તુવેર | ૩૫૦ | ૧૨૦૬ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૩૦૦ |
| ડુંગળી લાલ | ૬૦ | ૨૯૬ |
| ડુંગળી સફેદ | ૬૬ | ૩૧૩ |
| નાળીયેર | ૫૨૦ | ૨૯૦૬ |

**જામનગર**

| | | |
|---|---|---|
| જુવાર | ૭૮૫ | ૮૦૫ |
| બાજરો | ૩૨૫ | ૫૦૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૬ |
| મગ | ૧૧૫૫ | ૧૫૧૫ |
| અડદ | ૮૦૫ | ૧૪૩૫ |
| તુવેર | ૭૩૫ | ૧૨૬૦ |
| ચોળી | ૯૫૫ | ૧૨૭૦ |
| વાલ | ૫૦૦ | ૧૧૫૦ |
| ચણા | ૯૫૦ | ૧૧૧૨ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૨૨૫ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૨૦૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૭૫ |
| તલ | ૧૬૦૦ | ૨૧૦૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૨૮૫૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૦૩૫ |
| લસણ | ૬૨૫ | ૧૨૨૫ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૯૪૦ |
| અજમો | ૧૦૦૦ | ૨૫૯૦ |
| ધાણા | ૭૨૦ | ૧૨૪૦ |
| ધાણી | ૧૦૦૦ | ૧૨૮૫ |
| ડુંગળી સૂકી | ૫૦ | ૨૯૫ |
| ડુંગળી નાસિક | ૨૫૦ | ૪૦૦ |
| સોયાબીન | ૬૫૦ | ૭૯૫ |
| વટાણા | ૬૫૦ | ૮૫૦ |

## શબ્દ સંજોગ-૨૦૨૦



**આડી ચાવી :**
(૧) સ્ત્રીઓનું ગળાનું એક ઘરેણું (૩)
(૪) હવાનું દબાણ માપનારૂ યંત્ર (૫)
(૯) લલકારવું તે (૪)
(૧૧) પાણી પીવું તે (૪)
(૧૨) સારૂ, શ્રેષ્ઠ (૩)
(૧૪) પેટમાનું મોટું આંતરડું (૨)
(૧૫) એક રાગિણી (૨)
(૧૬) ઉતાવળે, ઓચિંતું (૩)
(૧૮) મહાદેવને સંબોધન રૂપે કરાતો અવાજ (૨)
(૧૯) પાયમાલ (૪)
(૨૨) રેતીવાળું (૩)
(૨૪) કસોટી ઉપરથી નકકી કરેલો સોના રૂપાના ભાવનો આંક (અ) (૨)
(૨૫) ધાબળો, બનૂસ (૨)
(૨૬) પ્રેમ, ઈશ્ક (૨)
(૨૭) વહેમનું કોઈ .... નથી (૩)
(૨૮) ગુજરાતમાં ..... ભાતીગળ હોય છે (૨)
(૨૯) સિંહ (૩)
(૩૧) લશ્કરની ટુકડી (૪)
(૩૨) છાની વાતચીત, મસલત (૪)

**ઉભી ચાવી :**
(૧) ચંચળ, આતુર (૨)
(૨) કેળવેલો ચૂનો, છોનો કોલ (૨)
(૩) ટકે-રહે કે નભે તેવું (૩)
(૫) એક દિવસની મજૂરી (૨)
(૬) મળતાવડું (૫)
(૭) ડાક, પોસ્ટ (૩)
(૮) ક્રિકેટમાં જીતવા માટે કરવા પડે (૨)
(૧૦) એક વિદેશી દારૂ (૨)
(૧૩) સેવક (૨)
(૧૫) અંદાજે, અડસટ્ટે (૩)
(૧૭) સખત બીક, ફાળ (૩)
(૧૮) સળવળવું તે (૫)
(૨૦) બારમી તિથિ, દ્વાદશી (૩)
(૨૧) પથ્થર, પહાણો (૩)
(૨૩) ટાપટીપ, ઉપરનો ભપકો (૪)
(૨૪) વિચાર કર્યા વિના (૩)
(૨૭) બળ, પ્રતિભા (૩)
(૨૮) ધૂન, લગની (અ) (૨)
(૩૦) બાજુ, પક્ષ (૨)

## શબ્દ સંજોગ-૨૦૧૯ જવાબ

**આડી ચાવી:** (૧) ભોજન (૩) નામકરણ (૬) ગજ (૮) પરખ (૯) મેના (૧૧) સ્વર્ગ (૧૨) કળ (૧૩) છતાં (૧૪) તિમિર (૧૭) વશ (૧૯) લત (૨૦) ગજર (૨૨) રજ (૨૪) લક (૨૬) માણારાજ (૨૮) મગરૂબી (૩૦) નઈ (૩૧) વમળ (૩૨) ખડ.

**ઉભી ચાવી :** (૧) ભોજ (૨) નગર (૪) મનમેળ (૫) રશ (૭) જખ (૮) વર્ગ (૧૦) શ્વેતાંબર (૧૧) સ્વભાવ (૧૨) કરતલ (૧૫) મિલ (૧૬) ભોગ (૧૮) શરણાઈ (૨૧) જમરૂખ (૨૩) જરા (૨૫) કમળ (૨૬) માન (૨૭) જવ (૨૯) બીડ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અમદાવાદ વિમાન દુર્ઘટનાના દિવંગતો માટે કોડીનારમાં શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો

કોડીનાર,તા.૧૮

અમદાવાદમાં તાજેતરમાં બનેલી કરુણ વિમાન દુર્ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિત અનેક નિર્દોષ જનોએ પોતાના પ્રાણ ગુમાવ્યા છે. આ દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે રાષ્ટ્રીય સ્વયંસેવક પ્રેરિત જાગરણ શ્રેણી, કોડીનાર શાખા દ્વારા એક શોકસભાનું આયોજન કરવામાં આવ્યું હતું.


તસવીર : ધર્મેશ પાઠક

આ શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં સમગ્ર શહેરના નાગરિકો એક મન અને એક ભાવનાથી પોતાનું દુઃખ વ્યક્ત કરવા માટે જોડાયા હતા. શહેરના અગ્રણીઓ, જાહેર પ્રતિનિધિઓ, સામાજિક કાર્યકરો અને મોટી સંખ્યામાં ભાઈઓ-બહેનોએ આ નિમિત્તે ઉપસ્થિત રહીને દિવંગત આત્માઓ માટે મૌન પાળી, પ્રાર્થના કરી હતી.

શોકસભા દરમિયાન રામ ધૂન, મૌન પાઠ, સંવેદનાપૂર્ણ ઉદ્‌બોધનો અને પુષ્પાંજલિ જેવા કાર્યક્રમો યોજાયા હતા. ઉપસ્થિત સૌએ આ દુઃખદ ઘટનામાં જીવ ગુમાવનાર તમામ દિવંગતોના આત્માને શાંતિ મળે અને તેમના પરિવારજનોને આ આઘાત સહન કરવાની શક્તિ મળે તેવી પ્રાર્થના કરી હતી.

# ધોરાજીમાં જૂનાગઢ રોડ પર ખાનગી ટ્રાવેલ્સ બસ પાણી ભરેલા ખાડામાં ફસાઈ, મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા!

ધોરાજી,તા.૧૮

ધોરાજી શહેરમાં છેલ્લા ચાર-પાંચ વર્ષથી રોડ-રસ્તાના પ્રશ્નોને લઈને અવારનવાર આંદોલનો થઈ રહ્યા છે, ત્યારે વધુ એક ઘટનાએ તંત્રની બેદરકારી છતી કરી છે. ધોરાજી-જૂનાગઢ રોડ પર આવેલ સ્વામિનારાયણ મંદિર રેલવે ફાટક પાસેના ઓવરબ્રિજનું કામ ચાલુ હોવાથી જૂનાગઢ રોડને વન-વે કરવામાં આવ્યો છે. આ વન-વે માર્ગ પરથી પસાર થઈ રહેલી એક


તસવીર : નયન ફુહાડીયા

ખાનગી ટ્રાવેલ્સ બસ પાણી ભરેલા ખાડામાં ખૂંચી ગઈ હતી, જેના કારણે બસમાં સવાર ૩૦ થી વધુ પેસેન્જરોના જીવ તાળવે ચોંટી ગયા હતા.

રાજકોટથી કેશોદ તરફ જતી આ ખાનગી ટ્રાવેલ્સ બસ ધોરાજીના જૂનાગઢ રોડ પર, જ્યાં ફક્ત નામનું ડાયવર્ઝન આપવામાં આવ્યું છે, ત્યાંના પાણી ભરેલા ખાડામાં ફસાઈ ગઈ હતી. સદનસીબે, બસમાં સવાર મુસાફરો, ડ્રાઈવર અને કંડક્ટરનો આબાદ બચાવ થયો હતો, પરંતુ તેઓ દોઢથી બે કલાક સુધી રાહ જોવા મજબૂર બન્યા હતા અને પોતાના ગંતવ્ય સ્થાને પહોંચી શક્યા નહોતા. લગભગ બે કલાકની ભારે જહેમત બાદ ખાનગી ટ્રાવેલ્સ બસને ખાડામાંથી બહાર કાઢી શકાઈ હતી. સ્થાનિકોએ તંત્રની કામગીરી સામે રોષ વ્યક્ત કરતા તાત્કાલિક યોગ્ય પગલાં લેવાની માંગ કરી છે.

# કોડીનારના ડોળાસામાં વધુ દોઢ ઈંચ વરસાદ, ખેડૂતોમાં ખુશી

ડોળાસા, તા.૧૮

કોડીનાર તાલુકાના ડોળાસા અને આસપાસના વિસ્તારોમાં ગઈકાલે સવારે ૧૦ વાગ્યાથી સાંજના ૪ વાગ્યા સુધી ધીમી ધારે વધુ દોઢ ઈંચ (૩૮ મી.મી.) વરસાદ નોંધાયો હતો, જેના પગલે ખેડૂતોમાં રાહતની લાગણી છવાઈ છે. તા. ૧૬ જૂનના રોજ પણ ૩૯ મી.મી. વરસાદ થયો હતો, આમ ત્રણ દિવસમાં કુલ ત્રણ ઈંચ વરસાદ પડતાં ખેડૂતો ખુશખુશાલ છે. આ વરસાદથી લોકોને અસહ્ય


તસવીર : અનીલ કાનાબાર

ગરમીમાંથી મુક્તિ મળી છે. આ સાથે, ડોળાસા વિસ્તારમાં મોસમનો કુલ વરસાદ ૨૨૯ મી.મી. નોંધાયો છે. આ વરસાદ ખેતી માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થશે તેવી આશા વ્યક્ત કરાઈ રહી છે.

# ધોરાજી નજીક આવેલી ભાદર નદીમાંથી યુવકનો મૃતદેહ મળ્યો

ધોરાજી, તા. ૧૮

ધોરાજી પાસે ભાદર નદીમાંથી ૨૬ વર્ષના યુવકનો મૃત્યુદેહ મળ્યો હતો. બે દિવસથી યુવક એમના ઘરેથી કશું કહ્યા વગર ચાલ્યો ગયો હતો. યુવકની બાઈક ભાદર નદી પાસે પડેલી હતી. જેના આધારે પોલીસે ફાયર વિભાગની ટીમને જાણ કરી હતી.


તસવીર : નયન ફુહાડીયા

ધોરાજી નગરપાલિકાના ફાયર વિભાગ દ્વારા યુવાનની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. ભાદર નદીમાંથી નગરપાલિકાના ફાયર વિભાગના સ્ટાફે યુવકના મૃતદેહને શોધી કાઢ્યો હતો. મૃતકની તપાસ કરતા તૌફીક પીંજારા ઉમર વર્ષ ૨૬ રહે.બહારપુરા ધોરાજી હોવાનું ખુલ્યું હતું. યુવકે ક્યા બાબતે આપઘાત કર્યો છે તે બાબતની તાલુકા પોલીસે તપાસ હાથ ધરી હતી.

**બે દિવસથી યુવક ઘરેથી કશું કહ્યા વગર ચાલ્યો ગયો હતો**

# પહેલગામ આતંકી હુમલાના પીડિતોને અંબુજા સિમેન્ટના કર્મચારીઓની આર્થિક સહાય

કોડીનાર, તા.૧૮

૨૨ એપ્રિલ ૨૦૨૫ ના રોજ જમ્મુ અને કાશ્મીરના પહેલગામના બૈસરનમાં થયેલા આતંકવાદી હુમલામાં જીવ ગુમાવનાર ભાવનગરના સ્વર્ગસ્થ યતીશભાઈ પરમાર અને સ્વર્ગસ્થ સ્મિત પરમારના પરિવારને અંબુજા સિમેન્ટ લિમિટેડના કર્મચારીઓ દ્વારા આર્થિક સહાય પૂરી પાડવામાં આવી છે. અંબુજા સિમેન્ટ, અંબુજાનગર, કોડીનારના કર્મચારીઓ, શાળા, હોસ્પિટલ અને અંબુજા ફાઉન્ડેશનના મેનેજમેન્ટ સ્તરના કર્મચારીઓએ સ્વૈચ્છિક રીતે કુલ રૂપિયા ૧.૨૩ લાખની રકમ એકત્રિત કરી હતી. આ ભંડોળ ભાવનગરમાં સ્થાનિક મામલતદારની ઉપસ્થિતિમાં પીડિત પરિવારના વડાને સુપરત કરવામાં આવ્યું હતું.


તસવીર : કુલદીપ પાઠક

# ધોરાજીના ફરેણી ખાતે વિમાન દુર્ઘટનાના દિવંગતોને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ

ધોરાજી, તા.૧૮

ધોરાજીના ફરેણી સ્થિત સહજાનંદ સંસ્કારધામ-મહામંત્ર પીઠ ખાતે અમદાવાદમાં તા. ૧૨ જૂને થયેલ ગમખ્વાર વિમાન અકસ્માતમાં અવસાન પામેલા પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિત એર ઈન્ડિયાના પ્રવાસીઓ, ક્રુ મેમ્બર્સ, મેડિકલ કોલેજ હોસ્ટેલના વિદ્યાર્થીઓ અને ડોકટરોની સ્મૃતિમાં શ્રદ્ધાંજલિ સભાનું


તસવીર : નયન ફુહાડિયા

આયોજન કરવામાં આવ્યું હતું. સહજાનંદ સંસ્કારધામના સંસ્થાપક શાસ્ત્રી બાલકૃષ્ણદાસજી સ્વામીની નિશ્રામાં યોજાયેલી આ સભામાં સ્વામિનારાયણ વિદ્યાપીઠના સંતો, પાર્ષદો, ટ્રસ્ટીઓ, આચાર્યો, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને પ્રતિષ્ઠિત નાગરિકોએ પુષ્પાંજલિ અર્પણ કરી દિવંગતોને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. સ્વામીજીએ વિજયભાઈ રૂપાણી સાથેના સંસ્મરણો વાગોળ્યા હતા. આ કાર્યક્રમમાં તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ મયુરભાઈ શિંગાળા અને માર્કેટિંગ યાર્ડના ચેરમેન હરકિશન માવાણી સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદની વિમાન દુર્ઘટનામાં ભોગ બનેલા વેરાવળના દંપતીની ત્રિવેણી ખાતે અંતિમવિધિ કરાઈ

ગીર સોમનાથ,તા.૧૮

અમદાવાદની વિમાન દુર્ઘટનામાં ગીર સોમનાથ જિલ્લાના કુલ પાંચ મુસાફરો હતા. જે પૈકી બે પેસેન્જર વેરાવળના યોગેશ્વર સોસાયટીના રહેવાસી રાજેશભાઈ મથુરાદાસ જિમુલિયા તથા ભાવનાબેન રાજેશભાઈ જિમુલિયા હતા. આ ઘટનાની જાણ થયા બાદ જિલ્લા વહીવટીતંત્રે પરિવારજનોનો સંપર્ક કરી સાંત્વના પાઠવી હતી.



તસવીર : કૈલાશ ભટ્ટ

મૃતકોના મૃતદેહ લાવવા તથા સમગ્ર કાર્યવાહી માટે વેરાવળના પ્રાંત અધિકારીની નોડલ અધિકારી તરીકે નિમણૂક કરવામાં આવી હતી. મૃતકના પરિવાર સાથે સંકલન માટે એક ડોક્ટર તથા એક નાયબ મામલતદારની ટીમને અમદાવાદ મોકલવામાં આવી હતી. આ ટીમ દ્વારા મૃતકના પરિવારજનો સાથે રહી સંકલન કરીને બંને મૃતકોનાં DNA મેચ થતાં તેમના મૃતદેહ તા.૧૭/૬/૨૦૨૫ના રોજ સાંજે સુપરત કરવામાં આવેલ હતા અને તેમને એમ્બ્યુલન્સમાં વેરાવળ ખાતે લાવવામાં આવ્યા હતા. મૃતકના પુત્ર, વિશાળ સંખ્યામાં સગા-સંબંધી તથા પરિવાર દ્વારા નક્કી થયા મુજબ ત્રિવેણી સંગમ, વેરાવળ ખાતે તેમના અંતિમ સંસ્કાર કરાયાં હતાં.

# કોડીનારના મોટી ફાફણી ગામે તન્ના પરિવારના કુળદેવી ભવાની માતાજીના પ્રથમ પાટોત્સવની ભવ્ય તૈયારી

કોડીનાર,તા.૧૮

કોડીનાર તાલુકાના મોટી ફાફણી ગામે આવેલા તન્ના પરિવારના કુળદેવી, રાજ રાજેશ્વરી ભવાની માતાજીના ભવ્ય મંદિરના પ્રથમ પાટોત્સવની ધામધૂમપૂર્વક તૈયારીઓ ચાલી રહી છે. આ ભવ્ય ઉજવણી જ્યેષ્ઠ વદ નોમ, શુક્રવાર, જૂન ૨૦, ૨૦૨૫ ના



રોજ કરવામાં આવશે.

ગત વર્ષે મોટી ફાફણી ગામે ભવાની માતાજીના ભવ્ય મંદિરનું નિર્માણ થયું હતું. તેના પ્રથમ પાટોત્સવ નિમિત્તે આ વર્ષે તન્ના પરિવાર દ્વારા મહા યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ યજ્ઞના આચાર્ય વૈષ્ણવ કથાકાર અને લોહાણા સારસ્વત ગોર શાસ્ત્રી આનંદભાઈ પેરાણી તથા મેહુલભાઈ પેરાણી દ્વારા વિધિવત રીતે યજ્ઞ સંપન્ન કરવામાં આવશે.

# કોડીનાર તાલુકા યુનિયન બેન્કની સાધારણસભા મળી

કોડીનાર,તા.૧૮

ધી કોડીનાર તાલુકા કો-ઓપ. બેંકીંગ યુનિયન લી.ની ૧૧૨ મા વર્ષની સાધારણ સભા બેંકના મિટિંગ હોલમાં બેંકના ચેરમેન પી.એસ. ડોડીયાના અધ્યક્ષ સ્થાને મળી હતી. સાધારણ સભાની શરૂઆતમાં બેંકના જનરલ મેનેજર ભાવસિંહભાઈ વાળાએ સર્વેને આવકારી માહિતી આપી હતી કે, બેન્કે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના વર્ષમાં કરેલ ચોખ્ખો નફો રૂા.૬૮૨.૮૨ લાખ કર્યો હતો.



બેંકનું આ વર્ષ અંતે કુલ ધિરાણ રૂા.૩૬૧૬૩.૪૮ લાખે પહોચેલ છે જે ગત વર્ષની સરખામણીએ રૂા.૬૭૫૯.૯૩ લાખનો જેટલો વધારો થતાં આ વધારાનો યશ ગ્રાહકોને આપ્યો હતો.

# ઉનાના નવાબંદર મરીન પોલીસે પકડેલ ઈંગ્લિશ દારૂના જથ્થાનો નાશ કરાયો

ઉના, તા.૧૮

ઉના તાલુકાના નવાબંદર મરીન પોલીસ દ્વારા એક વર્ષના પ્રોહીબિશન કેસોમાં પકડાયેલ મુદ્દામાલનો નાશ કરવામાં આવ્યો હતો. નવાબંદર મરીન પોલીસ દ્વારા અલગ અલગ વિસ્તારમાંથી ભારતીય બનાવટનો ઈંગ્લિશ દારૂ પકડવામાં આવ્યો હોય તે જથ્થાનો નાશ કરવામાં આવ્યો છે. ભારતીય બનાવટનો ઈંગ્લિશ દારૂ–બિયર બોટલ ૩,૭૩૯ નંગ રુ.૩૪૩૮૪૦ ના જથ્થાનો ઉના ગીરગઢડા રોડ પર આવેલ સુગર ફેક્ટરી


તસવીર : કૈલાશ ભટ્ટ

ખાતે નાશ કરવામાં આવ્યો હતો. ઉના વિભાગ DySp અને મામલતદારની હાજરીમાં આ દારૂના જથ્થા ઉપર બુલડોઝર ચલાવી નાશ કરવામાં આવ્યો હતો.

# કેબિનેટ બેઠકમાં વિજય રૂપાણીને અપાઈ શ્રદ્ધાંજલિ, એક મિનિટનું મૌન રખાયું

ગાંધીનગર,તા.૧૮

ગુજરાત રાજ્ય મંત્રીમંડળની બેઠક બુધવારે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળી હતી. બેઠકની શરૂઆતમાં પૂર્વ મુખ્યમંત્રી અને વરિષ્ઠ ભાજપ નેતા વિજયભાઈ રૂપાણીના અચાનક અવસાન પર શોક પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો. આ બેઠકમાં ૧૨મી જૂનના રોજ અમદાવાદ વિમાનમથક પરથી ઉડાન ભરતી એઆઈ-૧૭૧ ફ્લાઈટ દુર્ઘટનાનો શિકાર બની હતી, જેમાં ૨૭૫ થી વધુ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. દુર્ઘટનામાં પૂર્વ



મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી પણ હતાં. કેબિનેટે તેમને રાજકીય અને લોકસેવાના ક્ષેત્રે આપેલા યોગદાન માટે શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. સમગ્ર મંત્રીમંડળે એક મિનિટનું મૌન રાખી શોકાંજલિ આપી હતી. આ બેઠકમાં દુર્ઘટના પછીની પરિસ્થિતિ અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.


**-// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.મરણ/કેસ/રજી.નં.૨૭/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી સદામભાઈ હુસેનભાઈ મોગલ
રે.વેલણ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ

.....**અરજદાર**

**વકીલશ્રી બી.એન.વાઘેલા / ડી.વી.દેવળીયા**
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, વેલણ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના વેલણ ગામના રહીશ શ્રી સદામભાઈ હુસેનભાઈ મોગલ ના માતૃશ્રી ફાતિમાબેન હુસેનભાઈ મોગલ નું મરણ તારીખ : ૨૦૧૭ ના રોજ વેલણ ગામમાં થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના વેલણ ગામના સને. ૨૦૧૭ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૯/૬/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૦/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(ડી.જી.વરમોરા)**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**



**મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ વડીયા**

**-:રૂબરૂ સુનવણી નોટીસ:-**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૩૨/૨૦૨૫ તા.૧૧/૦૬/૨૦૨૫

**અરજદારશ્રી:-** શ્રી બાવાલાલભાઈ જીવરાજભાઈ ડુંમર
રહે.વાવડી રોડ, તા. વડીયા, જિ. અમરેલી
**એડ. હરેશ વી. કોટડીયા મો.- ૯૦૧૬૭ ૭૮૮૨૧**

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-** ૧. તલાટી કમ મંત્રીશ્રી વાવડી રોડ, તા.વડીયા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી બાવાલાલભાઈ જીવરાજભાઈ ડુંમરના માતાશ્રી ધોળીબેનનું અવસાન તા.૧૦/૧૦/૧૯૭૦ ના રોજ મુ.વાવડી રોડ, તા. વડીયા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૪/૦૭/૨૦૨૫ ના રોજ ૧૨:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ વડીયાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય , અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

નોંધ :- (૧) વર્ષ:- ૧૯૬૯ થી ૧૯૭૧ સુધીનું રેકર્ડ રજુ કરવું.

કોર્ટનો સીક્કો

**સહી,**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**વડીયા**



**// એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી નં.૮૯/૨૦૨૫

અરજદાર :- શ્રી લતાબેન લાખાભાઈ અંટાળા
રહે. સોનારીયા, તા.જિ.અમરેલી.
**વિરૂધ્ધ**
સામાવાળાઃ- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. સોનારીયા, તા.જિ.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના સોનારીયા ગામમાં અરજદારશ્રી લતાબેન લાખાભાઈ અંટાળા તે વિનુભાઈ રાઘવભાઈ પટેલના પત્નીએ તેઓએ પોતાની જન્મ (તા.૦૧/૧૨/૧૯૫૭) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૯/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સહી,**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

# ગુજરાતમાં ચોમાસાની વિધિવત એન્ટ્રી, ભારેથી અતિભારે વરસાદની આગાહી




અમદાવાદ,તા.૧૮

ગુજરાતમાં ચોમાસાનું આગમન થઈ ગયું છે, ત્યારે હવામાન વિભાગની આગાહી મુજબ, દક્ષિણ ગુજરાત પર રચાયેલી લો પ્રેશર સિસ્ટમને કારણે રાજ્યમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે ૨૩ જૂન સુધી ગાજવીજ અને પવન સાથે વરસાદ પડશે. ખાસ કરીને સૌરાષ્ટ્ર-કચ્છ અને દક્ષિણ ગુજરાતમાં વધુ વરસાદની સંભાવના છે. ૨૩ જૂન સુધી અમદાવાદ, આણંદ, ભરૂચમાં ભારે વરસાદની આગાહી છે. ભાવનગર, બોટાદ, પોરબંદર, જૂનાગઢમાં હવામાન વિભાગે ચેતવણી જારી કરી છે. માછીમારોને આગામી પાંચ દિવસ સુધી દરિયામાં ન જવાની સૂચના આપવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી મુજબ, ૨૩ જૂન સુધી રાજ્યમાં સામાન્ય વરસાદ રહેશે. બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠામાં ભારે વરસાદની આગાહી છે. ગીર સોમનાથ અને કચ્છમાં પણ ભારે વરસાદની આગાહી છે. દરમિયાન નૈઋત્ય ચોમાસાના આગમન સાથે જ રાજ્યમાં ૩૩ જિલ્લાના ૨૨૭ તાલુકાઓમાં હળવાથી ભારે વરસાદની શરૂઆત થઈ છે.

# બોટાદના લાઠીદડ ગામે ઈકો કારમાં તણાયેલા વધુ ૭ લોકોના મૃતદેહ મળ્યા

**૧૦ લોકો સાથેની ઈકો કાર નદીના પ્રવાહમાં તણાઈ હતી**



બોટાદ,તા.૧૮

બોટાદના લાઠીદડ ગામમાં ભારે વરસાદને કારણે નદીના પાણીનો પ્રવાહ વધ્યો હતો. આ દરમિયાન પાણીના પ્રવાહમાં એક ઈકો કાર તણાઈ હતી. જેમાં કુલ નવ મુસાફરો સવાર હતા. આ નવ પૈકી બે લોકોને બચાવ થયો હતો અને સાત લોકો લાપતા હોવાથી તેમને શોધવા માટે પ્રયાસો હાથ ધરાયા હતા. મંગળવારે સાંજ સુધીમાં આ સાત લાપતા લોકોમાંથી બે મહિલાઓના મૃતદેહ મળી આવ્યા હતા. બુધવારે સવારથી એનડીઆરએફની ટીમ દ્વારા ફરી શોધખોળ કરવામાં આવી હતી. જેમાં તમામ સાત લોકોના મૃતદેહ નદીમાંથી બહાર કઢાયા હતા. ૧૬મી જૂને સાંજના પાંચેક વાગ્યાના અરસામાં આ ઘટના બની હતી. જેમાં એક પરિવાર ઈકો કારમાં લાઠીદડ ગામમાં સ્થિત સુરધન દાદાના દર્શન કરીને પરત ફરી રહ્યો હતો ત્યારે તેમની કાર નદીના પાણીના પ્રવાહમાં તણાઈ હતી.

## રાજ્યમાં છેલ્લાં બે દિવસથી જી-સ્વાનનું સર્વર ડાઉન, અરજદારો હેરાન




રાજકોટ,તા.૧૮

છેલ્લા બે દિવસથી **GSWAN** (ગુજરાત સ્ટેટ વાઈડ એરીયા નેટવર્ક) સર્વર બંધ હોવાને કારણે સમગ્ર ગુજરાતની મામલતદાર કચેરીઓમાં લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને, આવકનો દાખલો અને **EWS** (ઈકોનોમિકલી વિકર સેક્શન્સ) સર્ટિફિકેટ સહિતના અગત્યના પ્રમાણપત્રો કઢાવવામાં પડી રહેલી હાલાકીને કારણે લોકોએ વહીવટી તંત્ર સામે રોષ ઠાલવ્યો હતો. આવકનો દાખલો કઢાવવા આવેલા લોકોએ પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, તેઓ છેલ્લા ત્રણ દિવસથી ધક્કા ખાઈ રહ્યા છે, પરંતુ તેમની સમસ્યાનું કોઈ નિરાકરણ લાવવામાં આવ્યું નથી.

# ગાંધીનગરમાં કમલમ પાસે ભેખડ ધસી પડતા ત્રણ શ્રમિકો દટાયા, એકનું મોત



ગાંધીનગર,તા.૧૮

ગાંધીનગરના કોબા કમલમ નજીક એક નિર્માણધીન દીવાલ ધરાશાયી થઈ હતી. આ દુર્ઘટનામાં એક શ્રમિકનું કરૂણ મોત થયું હતું. આ તરફ ૩ શ્રમિકો દટાઈ ગયા હોવાનું પણ સામે આવતા ફાયરની ટીમ પણ દોડી ગઈ હતી. જ્યાં રેસ્ક્યુ કરી અન્ય બે લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા. રાજ્યની રાજધાની ગાંધીનગરના કોબામાં પ્રદેશ ભાજપ કાર્યાલય પાસે આવેલી શ્રીજી એરિસ કન્સ્ટ્રક્શન સાઈટ પર ભેખડ ધસી જવાની ઘટના સામે આવી છે. બુધવારે સવારના સમયે બનેલ ઘટનાને લઈ થોડીકવાર માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ત્રણ મજૂરો દટાઈ ગયા બાદ રાજસ્થાનના ડુંગરપુર નિવાસી ૩૦ વર્ષીય અજય પરમારનું મોત થયું હોવાનું સામે આવ્યું છે. આ તરફ ઘટનાને લઈ ફાયર બ્રિગેડની ટીમ દ્વારા પણ તાત્કાલિક અસરથી રેસ્કરુ ઓપરેશન કર્યું હતું. જેમાં ફાયરની ટીમ દ્વારા ૪૫ વર્ષીય નટવરભાઈ ડામોર અને ૧૯ વર્ષીય ચિરાગ ડામોરનું રેસ્ક્યુ કરી નાના ચિલોડા સ્થિત હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

## પ્લેન ક્રેશમાં ૨૦૬ લોકોના ડીએનએ મેચ થયા, ૧૬૯ મૃતદેહ સોંપી દેવાયા

અમદાવાદ,તા.૧૮

૧૨ જૂને બપોરે અમદાવાદમાં એર ઈન્ડિયાનું પ્લેન ક્રેશ થયાને ૬ દિવસ વિતી ચૂક્યા છે. સાતમા દિવસે પણ મૃત્યુ પામેલા લોકોના મૃતદેહો સુપરત કરવાની પ્રક્રિયા ઝડપથી ચાલી રહી છે. ૧૮ જૂન ૨૦૨૫ના રોજ બપોરે ૩-૪૫ વાગ્યા સુધીના અપડેટ મુજબ, કુલ ૨૦૬ **DNA** સેમ્પલ મેચ થઈ ચૂક્યા છે. આ પૈકી, ૧૬૯ મૃતદેહ સોંપાયા છે. જ્યારે અન્ય સોંપવાની કાર્યવાહી ચાલી રહી છે. જેમાંથી અન્ય પરિવારજનો મૃતદેહ મળે તેની રાહ જોઈ રહ્યા છે. અમદાવાદ સિવિલમાં બપોરે પોણા ચાર વાગ્યા સુધીમાં કુલ ૨૦૬ મૃતકોના **DNA** સેમ્પલ મેચ થઈ ચૂક્યા છે. જે તમામના પરિવારજનોનો સંપર્ક કરી લેવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં ૧૬૯ મૃતદેહો તેમના પરિવારજનોને સોંપી દેવામાં આવ્યા છે. જ્યારે અન્ય મૃતદેહ સોંપવાની કામગીરી ચાલી રહી છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડની સ્થાયી સમિતિની બેઠક મળી



ગાંધીનગર,તા.૧૮

યોજના પંચકમ અન્વયે સંસ્કૃત સપ્તાહોત્સવ યોજના-સંસ્કૃત સંવર્ધન સહાયતા યોજના-સંસ્કૃત પ્રોત્સાહન યોજના-શ્રીમદ ભાગવદ ગીતા યોજના શત સુભાષિત કંઠ પાઠ યોજના શરૂ કરાશે. રાજ્યમાં ૬ થી ૧૩ ઓગસ્ટ દરમિયાન સંસ્કૃત સપ્તાહ ઉજવી સંસ્કૃતમય વાતાવરણ ઊભું કરવાના પ્રયાસો હાથ ધરાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા રાજ્યમાં સંસ્કૃત ભાષા અને સાહિત્યનાં જન માનસમાં પ્રચાર-પ્રસાર દ્વારા પ્રાચીનતમ ભાષા સંસ્કૃતને પ્રોત્સાહન તેમજ જતન-સંવર્ધન માટે યોજના પંચકમ લોંચ કરી હતી. મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલી ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડની સ્થાયી સમિતિની બેઠકમાં તેમણે બોર્ડના લોગોનું અનાવરણ પણ શિક્ષણ મંત્રી ડો. કુબેર ડીંડોર અને સંસ્કૃત બોર્ડના અધ્યક્ષ ડો. હિમાંજય પાલીવાલની ઉપસ્થિતિમાં કર્યું હતું.

# ભરૂચમાં એસઓજીનું મેગા ઓપરેશન, ૪૪ બાંગ્લાદેશી ઘૂસણખોરો પકડાયા



ભરૂચ,તા.૧૮

પહેલગામ આતંકવાદી હુમલા અને ઓપરેશન સિંદૂર પછી, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે ભરૂચ જિલ્લામાં બીજી વખત ૪૪ બાંગ્લાદેશી ઘૂસણખોરોને પકડ્યા છે. પહેલગામ હુમલા બાદ, દેશભરની સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે. ભરૂચમાં ઘૂસણખોરોને શોધવા માટે તંત્રને એક્શન મોડમાં લાવવામાં આવ્યું હતું. ત્યારે ગૃહમંત્રી હર્ષ સંઘવીએ ટ્વિટમાં જણાવ્યું કે ભરૂચ એસઓજી પોલીસે ઝડપી કાર્યવાહીમાં છેલ્લા ૪૮ કલાકમાં ભરૂચ શહેર, અંકલેશ્વર શહેર અને અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાંથી ૪૪ બાંગ્લાદેશી નાગરિકોની અટકાયત કરી છે. કેન્દ્રીય ગૃહ વિભાગ સાથે પરામર્શ કર્યા પછી અટકાયત કરાયેલા વ્યક્તિઓને દેશનિકાલ કરવામાં આવશે. જિલ્લામાં સતત બીજા ૪૮ કલાકના ઓપરેશનમાં, કુલ ૭ અલગ અલગ ટીમોએ ભરૂચના વિવિધ વિસ્તારોમાં દરોડા પાડ્યા અને ઘૂસણખોરીના આરોપસર કુલ ૪૪ બાંગ્લાદેશી નાગરિકોને પકડ્યા. ધરપકડ કરાયેલા બાંગ્લાદેશીઓમાં ૧૧ પુરુષો, ૧૮ મહિલાઓ અને ૧૫ બાળકોનો સમાવેશ થાય છે.

# રાજ્યની કડી અને વિસાવદર વિધાનસભાની પેટાચૂંટણીનું આજે મતદાન

અમદાવાદ, તા.૧૮

ગુજરાત વિધાનસભાની વિસાવદર અને કડી બેઠક પર પેટાચૂંટણી માટે આજે તા. ૧૯ જૂને મતદાન યોજાશે. ચૂંટણી પંચે નવી ગાઈડલાઈન મુજબની તમામ તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે. બુધવારે મતદારો માટેના આધુનિક અને વ્યવસ્થિત માહોલની સંપૂર્ણ વ્યવસ્થા ગોઠવાઈ ગઈ છે. આ ચૂંટણી ઘણી જ મહત્વપૂર્ણ છે કારણ કે આ પ્રથમ ચૂંટણી છે, કે જેમાં ભારતીય ચૂંટણી પંચ દ્વારા છેલ્લા સમયમાં રજૂ કરાયેલી નવી ૨૧ શરતોનો અમલ થશે. આ સુધારાઓ મતદાન પ્રક્રિયાને વધુ પારદર્શક, શિસ્તબદ્ધ અને મતદારો માટે અનુકૂળ બનાવવાનો ઉદ્દેશ ધરાવે છે. નવા નિયમો મુજબ, હવે મતદાન મથકના પ્રવેશદ્વારથી કોઈપણ ઉમેદવાર પોતાનું સહાયક કેમ્પ કે બુથ મહત્તમ ૧૦૦ મીટર દૂર જ ઊભા કરી શકે છે. અગાઉ આ મર્યાદા ૨૦૦ મીટર હતી. મતદાન મથકના આજુબાજુના ૧૦૦ મીટરના પરિસરમાં ચૂંટણી અધિકારીઓએ અગાઉથી ચોક્કસ ચિહ્ન કરી દેવાનો નિયમ લાદવામાં આવ્યો છે.

## રથયાત્રા સાદગીથી કે ઝાંખી સાથે નીકળશે તે અંગે કોઈ નિર્ણય નહી : મહંત દિલીપ દાસજી

અમદાવાદ,તા.૧૮

અમદાવાદની પ્રખ્યાત ભગવાન જગન્નાથની રથયાત્રા આડે હવે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે રથયાત્રાને લઈ તૈયારીઓએ જોર પકડ્યું છે. જગન્નાથ મંદિર પરિસરમાં સફાઈ, શણગાર અને રથના રંગરોગાનનું કામ થઈ રહ્યું છે. ભગવાન જગન્નાથ, સુભદ્રા અને બલભદ્રના રથને નવું રૂપ આપવા માટે વિવિધ ટીમો કામે લાગી છે. આ વર્ષે નવનિર્મિત રથનું બીજું વર્ષ હોવાથી, રથની સફાઈ અને સ્પ્રે કલર દ્વારા રંગરોગાનની કામગીરી કરવામાં આવી છે. આ ઉપરાંત, રથયાત્રા દરમિયાન કોઈ ખામી ન સર્જાય તે માટે જરૂરી સમારકામનું કામ પણ કરાયું છે. જો કે, અમદાવાદ વિમાન દુર્ઘટનામાં ૨૭૮ લોકોના મૃત્યુ થયા છે ત્યારે આ વર્ષે યોજાનારી રથયાત્રા સાદગીપૂર્ણ રીતે કાઢવામાં આવે તેવી શક્યતાઓ છે. આ બધા વચ્ચે જગન્નાથ મંદિરના મહંત દિલીપ દાસજીનું નિવેદન સામે આવ્યું છે.

# પોલીસ પકડમાં હોવા છતાં માથાભારે નફ્ફટ કિર્તી પટેલના ચહેરા પર હાસ્ય



સુરત,તા.૧૮

ટિકટોક સ્ટાર અને માથાભારે ગણાતી કિર્તી પટેલ ફરીથી વિવાદમાં આવી છે. શહેરમાં ચર્ચાસ્પદ બનેલી બે કરોડ રૂપિયાની ખંડણી મામલે છેલ્લા એક વર્ષથી નાસતી ફરતી આરોપી મહિલા કિર્તીબેન રણછોડભાઈ પટેલને કાપોદ્રા અને વરાછા પોલીસ તેમજ ઝોન-૧ના સ્ટાફ દ્વારા અમદાવાદના સરખેજ વિસ્તારમાંથી ઝડપી લેવામાં આવી છે. આ કિર્તી પટેલને જ્યારે પોલીસે પકડી ત્યારે તેના મોં પર જરાપણ દુ:ખ કે શરમ દેખાતી નહતી. તે ઝડપાઈને પણ નફટની જેમ હસતી જ દેખાઈ રહી છે. આ કેસમાં મુખ્ય આરોપીઓ વિજયભાઈ મનજીભાઈ સવાણી, જહાગીરખાન ઉર્ફે જાકીર પઠાણ તેમજ કિર્તી પટેલે મળીને ફરિયાદી પાસેથી જબરજસ્તી પૈસા કઢાવવા માટે ષડયંત્ર રચી ઈન્સ્ટાગ્રામ લાઈવ અને વીડિયો દ્વારા પરિવારની બદનામી તથા ધમકીભર્યા સંદેશો આપ્યા હતા.







